ૐ

શ્રી

સતપંથ ચેતામણી
એટલે
સત્યબોધ

લેખક :

સૈયદ બાવાસાહેબ અહમદઅલી (ખાકી)

પ્રકાશક :

શ્રી સત્પંથી સાહિત્ય સેવા મંડળ વતી
સત્પંથી સૈયદ શમ્સદ્દીન બાવાસાહેબ (ખાકી)
મુ. પીરાણા, પો. ગીરમથા, ડી. અમદાવાદ.

આવૃતી ૨જી　　　　પ્રત ૧૦૦૦
સંવત ૨૦૨૯　　　　સને ૧૯૭૨

ધી નવપ્રભાત પ્રીન્ટીંગ પ્રેસમા શાહ મણીલાલ છગનલાલે છાપ્યું. ઘીકાંટા રોડ, અમદાવાદ.

દર્શન લાભ રૂ. ૨-૦૦　૧૦

શ્રી

સત્પંથ ચેતામણી
એટલે
સત્યબોધ

લેખક :

સૈયદ બાવાસાહેબ અહમદઅલી (ખાકી)

પ્રકાશક :

શ્રી સત્પંથી સાહિત્ય સેવા મંડળ વતી
સત્પંથી સૈયદ શમ્સદ્દીન બાવાસાહેબ (ખાકી)
મુ. પીરાણા, પો. ગીરમથા, ડી. અમદાવાદ.

આવૃતી ૨જી — પ્રત ૧૦૦૦
સંવત ૨૦૨૯ — સને ૧૯૭૨

ધી નવપ્રભાત પ્રીન્ટીંગ પ્રેસમા શાહ મણીલાલ છગનલાલે છાપ્યું. ઘીકાંટા રોડ, અમદાવાદ.

દર્શન લાભ રૂ. ૨-૦૦

realpatidar.com

realpatidar.com

ૐ

શ્રી

સત્પંથ ચેતામણી
એટલે
સત્યબોધ

લેખક :

સૈયદ બાવાસાહેબ અહમદઅલી (ખાકી)

પ્રકાશક :
શ્રી સત્પંથી સાહિત્ય સેવા મંડળ વતી
સત્પંથી સૈયદ શમ્સદ્દીન બાવાસાહેબ (ખાકી)
મુ. પીરાણા, પો. ગીરમથા, ડી. અમદાવાદ.

આવૃતી ૨જી પ્રત ૧૦૦૦
સંવત ૨૦૨૯ સને ૧૯૭૨

ધી નવપ્રભાત પ્રીન્ટીંગ પ્રેસમાં શાહ મણીલાલ છગનલાલે છાપ્યું. ઘીકાંટા રોડ, અમદાવાદ.

દર્શન લાભ રૂ. ૨-૦૦

ૐ

માફી.

સર્વ સુજ્ઞ વિદ્વાનો સમક્ષ આ લેખ મૂકી વિનતી, કે મારી અ
દશામાં ધર્મપ્રેમે લેખ થયેલો હોવાથી ઘણી ભૂલો રહેલી હશે, તે ભૂલો
દરગુજર કરી મારા દોષો તરફ નજર ન કરતાં રહસ્ય તરફ કૃ
દ્રષ્ટીએ જોઈ મારો આશય કોમીવાદ તજાવવાનો છે, તે સમજી
માફી આપશો.

અભાગિયા મુંઢમતીના દુર્જનો, પોતાની અજ્ઞાનતાએ, દુર્બોભા
જાહેર કરવા કાંઈ અવળું બોલી બકવાદ કરી જથર વથર બકે એથી
તેવાઓની કાંઈ પણ હું ચિન્તા કરતો નથી. સાંપાદિ ઘાતકી પશુ
પોતાને કાંઇપણ લાભ કે હાની ન હોવા છતાં 'અનચ્છાએ' ડંશ દે
પ્રાણ લે છે! ઈર્ષાળુ પ્રકૃતિના જનો, સારાસાર સમજ્યા વિન
અન્યનું ભૂડું ઇચ્છવાનેજ પોતાનો સ્વભાવ, અનઇચ્છાએ પણ પ્રગ
કરી નાખે છે. એવા નરપશુ એવું જ કરે! તેની ચિંતા રાખ
ફોગટ સમય વ્યતિત કોઇ ન કરે? ખાસ સુજ્ઞજનોને વિનંતી છે
જે ઠેકાણે ભૂલ દેખાય તો ત્યાંજ સુધારી મને જરૂર ચેતવણી આપ
કૃપાવત્ત થાશો. કે પુનઃ છપાવતાં સુધારી લેવા એ! સુજ્ઞજનો
પરમાર્થ કરવા ચૂકશે નહિ. એવી આશા છે

લી. આપનો સદાનો શુભેચ્છક
(ખાકી)

ૐ

અનુક્રમણિકા

અર્પણ પત્રીકા.

શ્રી સદ્ગોર, અશરણાશરણ, અનાથુંના નાથ,
જગદેવ, શ્રી પરમ પૂજ્ય, વડીલ, હજરત,
પીર, ઈમામોદ્દીન (શાહ) સાહેબની,
પવિત્ર સેવામાં.

આપ સદ્ગુરૂવર્યની કૃપાથી જે, અદ્વૈતામૃત દર્શનપ્રતિ મારી વૃતિયો વળવા માંગે છે. તેમજ આપનાં બ્રહ્મામૃતનાં વર્ષણથી મારા સુન્ય અંતઃકરણ-ક્ષેત્રને રસ ભર્યું કર્યું છે. તેમજ સર્વ જગતને પણ એજ સ્થિતિમાં આપે મૂકેલ છે. આપનાં ઉપદેશનાં સત્ય શાસ્ત્રોએ મંમપીર દ્વારા જે પ્રમાર્થિક બીજો મારા હૃદયમાં એકઠાં થયેલાં, તે કાળે નવ પલ્લવિત થવાથી, ને તે આપનીજ વિભૂતિ છે. આપનું, આપની સમક્ષ મૂકી અર્પણ કરવું, એથી મનને સંતોષ થાય છે, તેથી આ પુસ્તક આજે આપનાજ ચરણકમળ સમક્ષ દાસ ભાવે અર્પણ કરી આનંદ પામું છું, તે સ્વિકારવા કૃપાવત્ત થઈ મને કૃતાર્થ કરશો.

આપનો સદાનો દાસ.

સંવત ૧૯૭૧ ના	આપના વંશનો. આપનો ચરણરજ
ચૈત્ર સુદી. ૩ ને	સૈયદ બાવા સાહેબ.
વાર. ગુરૂ	અહેમદઅલી. (ખાકી)
	ના સપ્રેમ હજંદા સ્વિકારી આનંદિત કરશો.

મુ. પીરાણા.

ॐ

પ્રસ્તાવના

આ પુસ્તકમાં સત્યપંથના ગુણગાન ગાયેલા છે. એ માંહિ રાગરાગણીનાં ઘણાં ભજનો છે. નોખા નોખા રાગોનો એમાં સમાસ થએલો છે. સત્પંથનાં સૂજક શ્રી આદ્ય નારાયણ છે. સત્પંથ એટલે સત્યનો માર્ગ. સત્ય=અખંડ, અવિચલ=આદ્ય નારાયણ, પોતે જેનો નાસ કદી પણ નથી. તેને પામવાનો માર્ગ તે સત્પંથ=સત્ય પામવાનો માર્ગ તે. સત્પંથ=મનુ ભગવાનના વચનાધારે "વેદો ખીલો ધર્મ મુલમ. વેદ એ ધર્મનું મૂલ છે.

શ્રી. આદ્ય નારાયણે દશ અવતાર શ્રી વિષ્ણુ રૂપે લીધા તે જગતને ઉપદેશ આપી આપ સમી કરવા જ. તે પ્રમાણે શાસ્ત્ર આધારે જ, પહેલો કર્તાયુગના સત્તર લાખ અઠાવિશ હજાર વર્ષ (૧૭૨૮૦૦૦), તેમાં શ્રી હરિના અવતાર (૪) દરેક અવતાર ચાર લાખ બત્રીસ હજાર વર્ષ ભોગવે છે. (૪૩૨૦૦૦) તેમાં પ્રથમ શ્રી મચ્છ, બીજો શ્રી કુર્મ, ત્રીજા શ્રી વ્યારાહ, ચોથા શ્રી નૃસિંહ અવતાર. બીજો ત્રેતાયુગ, તેનાં વર્ષ બાર લાખ છન્નુ હજાર, (૧૨૯૬૦૦૦), તેમાં શ્રી હરિના અવતાર ત્રણ (૩) પ્રથમ શ્રી વામન, બીજા શ્રી ફરશરામ ને ત્રીજા શ્રીરામ. ત્રીજો દ્વાપરયુગ. તેનાં વર્ષ આઠ લાખ ચોસેઠ હજાર (૮૬૪૦૦૦) તેમાં શ્રી હરિના અવતાર બે, (૨) પ્રથમ શ્રી કૃષ્ણ, ને બીજા બુદ્ધા અવતાર. ચોથા

કલિયુગ, તેનાં વરસ ચાર લાખ બત્રીસ હજાર, (૪૩૨૦૦૦), તેમાં શ્રી હરિનો એક અવતાર (૧) શ્રી નિષ્કલંકી નારાયણ.

શ્રી હરિએ દશ અવતાર ચારે યુગમાં મલી કર્મવાર લીધા. તેમાં ન કોઈ હલકા, ન કોઈ ભારે, (૨) તેમાં બે (૨) જળચર. "મત્સ્ય. શ્રી કુર્મ." એ (૨) વનચર શ્રી વ્યારાહ. ને શ્રી નસિંહ. બે (૨) બ્રાહ્મણ, શ્રી વામન ને શ્રી પરશરામ બે (૨) ક્ષત્રી, "શ્રી રામ, ને શ્રી કૃષ્ણ", બે (૨) મલેચ્છ. શ્રી બુદ્ધા ને શ્રી નિષ્કલંકીનારાયણ. એ દશે શ્રી હરિના અવતાર. એક જ હરિ વંશમાં જ થયા છે. એ હરિવંશમાંથી શ્રી હરિને ખોળી, શોધી અંધ શ્રદ્ધા મૂકી, કોમીવાદ તજી દઈ ગમે તે સ્વરૂપે ગમે તેના કુળમાં હોય, શ્રી હરિનાં સ્વરૂપ તેઓની આજ્ઞા અનુકુળ ધારી ખોળી, ખરી રીતે તેના ચરણકમળની સેવા કરવી એ જ સત્પંથ છે.

સત્પંથનાં સિદ્ધાંત પ્રમાણે શ્રી હરિ, શ્રી વિષ્ણુ શ્રી હરિ બ્રહ્મા, શ્રી નારાયણી આદ્ય શક્તિ, શ્રી શંકર. તથા દાણવ એ ચારે પોત પોતાનાં સળંગ એક જ વંશમાં ચારે યુગમાં પોતાપોતાના વંશે આવે છે. એ ભેદભારી ગુંચવણનો ઉકેલ કોઈ વિર્લા જ હરિજન કરી શકે છે.

સત્પંથ મોઢે મોઢે કહેવાથી જ કે હું "સત્પંથી છું" એમ કહેવાથી તે સત્પંથી થઈ શકતો નથી, સત્પંથે ક્રિયા-ચાર પાળી સર્વ શ્રી ઇમામગોરનાં વચનો અનુકુળે વ્યવ-હારમાં શુદ્ધ સીધી રીતે સરળતાએ સાત્વિકપણે અમલમાં મૂકે જ થવાય છે. કોઈ માણસ ભવૈયાની જેમ બહુ બહુ

વાતો ને વેષ બનાવી. પોતાને સત્પંથી દેખાડવાનો ઢોંગ કરતો હોય ! તો તેનાં બાહ્ય વ્યવહારથી પરખાઇ જાય છે, તેથી તેવા ઢોંગી ધુતારાનાં સંગમાં રહેવાથી, ને તેનો ભરૂંશો કરી વર્તવાથી નર્ક ગામી જ થવાયે છે. માટે સર્વ સજ્જનોએ એવા બહુ બોલાઓ ઉપર તેઓના સદ્કૃતવ્ય જોઈ ને જ સાથ આપવો, નહિ તો આખી આયુષ્યની કમાણી અકારત જવાનીજ જાણવી.

શ્રી સદ્ગોર હજરત પીરઈમામશાહ બાવાએ પહેલા શ્રી મત્સ્ય અવતારની કથામાં પાઠ ૬૦૦થી આગલ ફરમાવ્યું છે. જે "બ્રહ્મા, વિષ્ણુ, શક્તિ મલી, ત્રણુ ભેળા. હાલામાં ભલી, એ ત્રણુનો ચાલે જે અંશ, તે કહાવે હરિનો વંશ. તેનાં પૂજે જે કોઈ પાએ, તે જીવતો અમરાપુરી જાય. તેમાં કહિયે સુરત એક, તેના કહિયે એકલા અન્નંત વિવેક. બીજા પાત્રમાં ખપે, લેદાન તેને ના જપે."

વળી એ સિદ્ધાંતને શ્રીમાન પાંડવ ભકતોએ પુરણ અપનાવ્યો. શ્રીમાન કૃષ્ણ પ્રભુએ અર્જુનને સંબોધતાં ફરમાવ્યું, કે હું જગતનો કર્તા છું, મારા સ્વરૂપનું ધ્યાન જ મનુષ્યોના મોક્ષનું કારણ છે. અર્જુને પુછયું કે આપનું આ શરીર મહા પ્રલય સુધી કાયમ રહેવાનું છે ? શ્રી કૃષ્ણે ફરમાવ્યું કે નહિ. એ તો એનાં નિર્માણ કરેલા કૃત્યો પૂરા કરી વિલય થઈ જવાનો. ત્યારે શ્રી અર્જુનને પ્રશ્ન કર્યો, કે મહારાજ આપનું આ શરીર વિલય થયા પછી સૃષ્ટિનો કાર્યક્રમ પણ સમાપ્ત થવાનો ? શ્રી હરિએ ફરમાવ્યું કે નહિ, તેતો મહાપ્રલય સુધી રહેશે. તો જો આપનું શરિર

ના હોય તો પછી જગતના પ્રાણીયોના કેવા ભૂંડા હાલ થાય? તો પછી તે કોનું ધ્યાન ધરશે?

શ્રી કૃષ્ણે ફરમાવ્યું કે, "મારો વંશ પૂજાને પાત્ર છે." એ વંશે વંશે શાસ્ત્રાધારે ખોળી, ઓળખી, પુરૂષને તેના ચારિત્રો ઉપરથી ગોતી તેની સેવા કરવી ને તે ધ્યાન-મૂર્તિ ગોઠવી. ન કાં કે પથ્થર મૂર્તિ, કે ધાતુ મૂર્તિ, એ જ શ્રી હરિવંશે ગુરૂ ગોતવો 'જેમકે ધ્યાન મુળમ્ ગુરૂમૂર્તિ, મંત્ર મુળં ગુરૂ વાક્યે, પૂજા મુલમ ગુરૂ પદમ, મોક્ષ મુલમ ગુરૂ કૃપા." જેને શાસ્ત્રો કોઈ પણ બહાને પૂજવા કે સેવવા કે ઉપાસનાનાં કોઈ પણ કાર્યમાં મેળવવાથી નુકશાન જ છે. એમ કેહતા હોય! ને તેને ન કરવું હોય, તો શાસ્ત્રનાં વાકયો ન માની અર્થનો અનર્થ ઉલટાવી કરી "સ્વરૂપ"નો અર્થ મૂર્તિ કે પ્રતિમાં કોઈ પણ ધાતુ કે પાશાણનીનો કરનાર મૂર્ખ કે મમતાવાદી જ કહેવાય, આનું નામ તે હઠ ધર્મિ.

જે હરિવંશ શ્રી કૃષ્ણે ફર્માવ્યો, ને જગતને બતાવ્યો, ઓળખાવ્યો, તે વંશ તો જગતની ઉત્પત્તિ સાથે જ સુરૂ થયો છે. તેને ગોતી સેવી મહાપુરુષો મોક્ષ ગામી થઈ ગયા છે. ને થઈ જાય છે, ને થાશે, એ ખોળવું મહાવિકટ ને વસમું છે. એમાં પ્રથમ સત્પંથનાં પાંચ નિયમોથી હૃદય-શુદ્ધિની અગત્ય છે, હૃદયશુદ્ધિ અર્થે માદક પદાર્થોનો ત્યાગ છે. કે તેથી બુધ્ધિ વિકારરહયી. ને વાસનાવાળી મટિ શુદ્ધ સાત્વિક બને, ત્યારે જ એ શોધ ઉપયોગી થાય, નહિ તો મોટા મોટા વિદ્વાનો, પંડિતો, વકિલો, બાલેસ્ટરો, મોલવિયો, ઉલ્માઓ, કાજીયો, પેશઇમામો, આદી પાદરિયો, બિસ્પો એ

અને એ વિના જે પોતાને બુદ્ધિમાન ને હુંશિયાર લેખાવનાર સર્વની બુદ્ધિ અકારત ! એટલે ખોટી છે ! મિથ્યાવાદમાં ફસી કોમિવાદમાં ફસી, અન્યને ફસાવવાની મિથ્યા માથાકુટ છે. એથી હરિવંશી પુરૂષ મેળવવો એ તો આકાશ કુસુમવત છે. મોક્ષની આશાજ નકામી, વ્યર્થ જિવતર જાણુવો. મિથ્યા પ્રપંચ ને વાદવાદ જ પ્રાપ્ત થાય છે. જે શેતાનિયતનું મુળ છે. વાદાવાદમાં મમતા; સાથે ક્રોધ સાથે કજીયો તેથી મારામારી આદિ વિક્ષેપાદિ દુર્ગુણો ઉત્પન્ન થઈ નાશનાં મુખમાં ઝંપલાય છે.

કોઈ પણ કોમીવાદી, સત્ય માર્ગે આવી શકે જ નહિ. સત્ય માર્ગનો પ્રેમિયો વેદ માર્ગાનુંકુળ પોતે વર્તવાની ઈચ્છાવાન હોય છે. ને આજ્ઞા પાળવાની હોંશ હોય, તે ક્રિયા પાળી તેનું સેવન કરે. ને જે વસ્તુને આજ્ઞા તજવાની હોય, તો તેને વિષ્ટા સમધારી તેને તજી દઈ, તેના સામુએ ન જોવું. એવો પરમ ટેકીલો પુરૂષ જ ભાગ્યશાળી સત્યને માર્ગે આવવા ભાગ્યવંત થાય છે. બહુ બોલે બહુ ગાઇ, લોકોમાં પોતાની પ્રતિષ્ઠા જમાવવાના માટે મથતો ગમે તે પુરૂષ હોય, તેનો ઢોંગ પરખાય ! છેવટે પસ્તાય છે. ક્રિયાનો તજનારો શ્રી જીની આજ્ઞાનો વિરોધી કહેવાય,એવા એ લોકથી સત્ય માર્ગની આશા કેમ રખાય ? ક્રિયા એક તજવી ધર્મનું એક અંગ છેદયા બરોબર છે. ધર્મનું અંગ છેદાયે તેવો ધર્મ અધુરો કહેવાય, એવા અધુરા ધર્મે શું લાભ થવાનો ?

પદ્મ પુરાણ દિશાઓમાં તમાકુ (બજ્જર, ભાંગ) નો

નિશેધ કર્યો છે. ને તે તજવા આજ્ઞા છે. " સત્પંથ શાસ્ત્રમાં પણ શ્રી સદ્‌ગોરજીની આજ્ઞા છે " કે " **તમાકુ પીએ તે નર દોઝખી હોય.** "

એ આજ્ઞા સર્વ કોઇને પણ છે, કોઈ પણ વ્યક્તિ તે આજ્ઞા બહાર નથી રાખી, એટલે ગમે તે ઉત્તમ, મધ્યમ ઉંચ, નિચ, પ્રતિષ્ટ, કે સત્તાવાન, કુળાદિ પદવીવાળા હોય, તે સર્વને આ આજ્ઞા બાધક જ છે. મનથી ભલે કુલાઈ ગમે તે કરે, જેથી ઉલટો બમણો દોષિત થાય છે.

સાદ્દક અહાર તજી જે મનુષ્ય, પુરૂષ હો કે સ્ત્રી હો, શાસ્ત્રાધારે હરિવંશે ચડી, શાસ્ત્રે ફ્રર્માવેલી વ્યક્તિ નીશાની ભાવે ખોળ કરી પોતાની ધાર્મિક ટેકમાં ચૂકે નહિ, તો જરૂર તેનો પુર્ષાતન સફળ થયા વિના રહે જ નહિ. નહિ તો બીજા સર્વ મિથ્યા પ્રયત્નો છે.

હરિવંશની ખોળ શ્રી કૃષ્ણુથી ચાલેલો વંશ, તે વંશ ગોતવાથી ઇચ્છા સફળ થવાનો આધાર છે. તે વિના બીજો કોઈ પણ પ્રયત્ન સફળ થઈ સત્ય ધર્મ પ્રાપ્ત થાય તે, અસંભવિત જ લેખાય.

એ વંશ મારા માનવા ને સમજવા પ્રમાણે શાસ્ત્રને જુના લેખો આધારે આમ ગણાય છે.

દ્વાપુર યુગામાં આઠમો અવતાર શ્રી ભગવાન કૃષ્ણ પ્રભુનો, તેમનાથી શ્રી હરિવંશે શ્રી પ્રદ્યુમનના અનીરૂદ્ધ, (શેષ સ્થાન), ના બિલસ્થાન (સતાનિક), ના વેંણી વચ્છરાજ, (સતવિર્ય), નાં સિંહરાજ, (સૂર્યસેન). ને એક દિકરી લક્ષ્મી

(રેણુકા અથવા કરૂણાવતી કે સારા સાહેબ) નામે હતા, તેમનાં લગ્ન શ્રી બુદ્ધાલ શ્રી આદમ એટલે "ખાકી" તત્વના પ્રધાન પુરૂષ એટલે પેહેલા પુરૂષના ચોથા પુત્ર સાથે થયો. તેમનાં ઓદરેથી શ્રી બુદ્ધા ભગવાન નવમા અવતારે થયા. તે પોતાના નાના સિંહરાજ પોતાની માતા રેણુકાના પિતા થતા તેમને બીજો પુત્ર તથા પુત્રી ન હોવાથી, તેમની ગાદીનો વારસ થયા. એજ કુળ હરિવંશમાં પ્રખ્યાતીને પામ્યો. એજ વંશે શ્રી નુહ પેગમ્બર થયા, તેમના દિકરા શ્રી શિશ સાહેબ આવ્યા. એ વંશે શ્રીમાન્ ઈબ્રાહીમ પેગામબર આવ્યા, તે એજ વંશમાં મહાપુરૂષ મુઝર (જગમાલ, કે જગ જયોતી,) નામે પ્રખ્યાતીને પામ્યા. એ મહાપુરૂષ થયા છે. એજ વંશમાં શ્રીમાન મહાપુરૂષ. કુશઈ (ગજસિંહ), જે અબંસ્તાનમાં પ્રથમ પધારેલા, તેઓશ્રીથી જ હરિવંશ કૃષ્ણ કુળને અપભ્રંશે કુરેશ કુળના નામે પ્રસિદ્ધિમાં આવેલો, "આટલેથી ભાષા જે હરિવંશની પ્રથમ સંસ્કૃતમાંથી મીશ્રી થઈ." ને ત્યાંથી અરબી થઈ ગઈ. તેજ વંશે, અબ્દે મુનાફ (દેવીસિંહ) નામે થયા. તેમને બે દીકરા હતા, ૧ હાશમ (સુરસ્યેન) ૨. ઉમૈયા, શ્રી હાશમનું મદિનામાં લગ્ન થયું હતું, તેઓને બે દિકરા હતા. ૧ મુતિલબ, ૨ સ્યબા. શ્રી હાશમના અંતકાળ પછી. શ્રી મુત્લિબ સાહેબ સ્યબા સાહેબને મદિનાથી બોલાવી લાવ્યા ને તે થોડા જ દિવસમાં મુત્લિબ સાહબ અમરલિલા સ્વીકારી ગયા, જેથી સ્યબા સાહેબનું બીજું ઉપનામ અબ્દુલ મુત્લિબ દેવાયું, ને તેઓજ શ્રી મકલેશ્વરના મંદિરને સંસ્થાના અધિષ્ટાતા થયા. તેઓ સાહેબને દશ પુત્રો થયા હતા. સ્યેબા સાહેબ (ઇંદ્રસેન) ને એક ૧ વિષ્ણુયક્ષ (અબુતાલિબ સાહેબ)

હતા. ને બિજા દિકરા ૨ પદ્મસેન (અબદુલ્લા સાહેબ) હતા. બીજા આઠ ૮ દિકરા હતા. તેમાં ૧ નું નામ અબુ-સામ (દેવેન્દ્ર) પણ હતા. તેમનો વંશ જાડેજા ક્ષત્રીયો છે. તે ભાઠોનાં ચોપડે લખ્યો છે. શ્રી વિષ્ણુયક્ષ (અબુતાલિબ) સાહબના દિકરા શ્રી કળિયુગનાં ભગવાન શ્રી વિષ્ણુ નિષ્કલંકી નારાયણ શ્રી અલી થયા. જે અબ્દુલ્લાહ સાહેબના દિકરા મહાબ્રહ્મ કળિયુગના પુરણ બ્રહ્મ અવતાર મહમદ સાહેબ થયા. તેમને એક દિકરી શ્રી આદ્યશક્તિ નારાયણી માતા ફાતમાં હતા, તે શ્રી વિષ્ણુ શ્રી અલીને વર્યા. ''બ્રહ્મા નબી મહમદ. વિષ્ણુ શ્રી અલી. આદ્યશક્તિ માતા ફાતમાં.'' એ અત્રે હરિવંશનો થડ બંધાણું જુના ધોરણે, એ હરિવંશે વંશે શ્રી ઈમામ ઈસ્માલ સાહેબ થયા. એજ વંશે શ્રી ઈમામ મુન્તેસર બિલ્લા સાહેબ થયા.

શ્રીહ૦ ઈમામ ઈસ્માલ સાહેબનાં બે દિકરા હતા. તેમાં એક ભાઈનું નામ મહમંદ અસગર સાહેબ (ઈમામુદ્દીન ? હતું. તેમના વંશમાં હજરત પીરસલાહો દીન સાહેબ થયા. જેમનો રોજો ગિજનીમાં છે. તેમનું પ્રગટ નામ નુર સદ્ગોરજી છે. તેમના પવિત્ર પુત્ર શમ્સતબ્રેજી સાહેબ થયા. તેઓ સાહેબને ઈમામ અલાઓદ્દીન મહંમદે ઈમામ ઈસ્માઈલના બીજા દિકરા મહમદ અકબરની વંશ માહેલા એ. હ. અલાઓદ્દીન સાહેબ ઈમામત નીકલા એટલે નરનો જામો હઝતે તે પીરશમ્શા સાહેબને સોંપી પોતે હલાકુખાં સામે યુદ્ધે ચડી દેહનો વિલય કર્યો. એટલે અત્રેથી ગોર, ને નર એ બન્ને કળા શ્રી પીરશમ્સમાં (શમ્સુ-

દીન મહંમદ) માં રહી, તેમને બે દિકરા હતા. શ્રી નર કાસમસાહ, તથા સદ્‌ગોર નશીરદીન સાહેબ. તેઓના પુત્ર સદ્‌ગોર, શ્રી સાહેબદીન સાહેબનાં પુત્ર સદ્‌ગોર સુદરદીના સાહેબ બાર કરોડીના તારણહાર, તેમના પુત્ર અનંતનાં વરદાતાર સદ્‌ગોર પીર કબીરદીન સાહેબ, તેમનાં પવિત્ર પુત્ર પિતાશ્રીથી મોટા સદ્‌ગોર શ્રી પીર ઈમામશાહ બાવા થયા, તેમના ચીરંજીવી શાહોશ્રી નરમહંમદ શાહ દાતાર. જેમણે જન્મના છઠે દિવસે સ્વ શરીર સોળ વરસ જેવડું કળેવરે સોળ કળા સહિતે થઈ પંજો લેઈ દર્શન દઈ સત્ય વેણી ભાંખી છે. તેઓ—શ્રી યુગપતીની પત્ની આદ્યનારાયણી(૧) "આદ્ય શક્તિ ખુઝરૂક બેગમ સાહેબ, મહંમદ બેગડાની દીકરી; એ શ્રી નારાયણી ૨ શ્રી બ્રહ્મા સદ્‌ગોર શ્રી ઈમામશાહ સાહેબને, ૩ શ્રી વિષ્ણુ નર મહંમદ શાહ. એ એની ત્રણેથી હરિવંશનો થડ બંધાણું. અનાદીનાં ધોરણે તેમનાં પવિત્ર પુત્ર શાહ સહાબોદીન સાહેબને બીજા સદ્‌ગોર મુસ્તફા બાવા થયા. શ્રી સહાબોદીનનાં પવિત્ર પુત્ર શ્રી લાલશાહ બાવા, ને તેમના પવિત્ર પુત્ર શ્રી મુર્તુજા શાહ બાવા, તેમના પવિત્ર પુત્ર સત્પંથનાં છત્રી સમાં ઈમામ અશરફ શાહ બાવા થયા.

જો માણસ (ભક્ત) શ્રી હરિનાં સાક્ષાત સંબંધેથી શ્રી હરિનું ભજન કરે છે તેજ શીઘ્ર જ શ્રી હરિના દર્શન પામે છે પણ અલ્પ બુદ્ધિવાળાઓને તે ફળ નાશ પામે છે. શાસ્ત્ર કહે છે કે ગુરુને ઈશ્વર માનો, પણ તે શ્રી હરિની કૃપા વિના મનુષ્ય તે પરમભાવને પામી શકતો નથી. તેમાં સાત્વિક આહારની અગત્ય પ્રથમ નંબરે આવે છે. શ્રી કૃષ્ણ કહે છે કે જ્યારે શ્રી હરિને મનુષ્ય સક્તિએ કહિમાની કહે છે કે

એ " શ્રી હરિ અવતાર ન લઈ શકે જ" તો તેને સર્વ શકિતમાન કહેવા જ નહિ, તો પછી તેનામાં પ્રભુત્વ કેમ કહી શકાય ? શ્રી શાહોજીમા પરમ ભાવને સમજી શકે, તેજ શ્રી શાહોજીને પુર્ણપણે જાણી તેને માની શકે છે. શાકાર ને એજ નિરાકાર પ્રભુ ગણીને માની શકાય. એજ હું જ ગુરૂ રૂપ છું." એમ માનનારોજ મારા પરમભાવનો સાધક કહેવાય. " શ્રી હરિનાં ભકતો જ તેને તે રૂપમાં જાણી માની શકે છે. અસસ્તો તે શ્રી હરિનો ભકત બની શકતો નથી.

"શ્રી હરિમાં જ " ઉપર કહ્યા પ્રમાણે ત્રણે દેવ આવે છે, તો તેમના પરમ ભાવને સમજી વિચારી માનનારોજ, તેમનાં શુદ્ધ સ્વરૂપને માને છે, તેજ તેમનાં શુદ્ધ પરમ સ્વરૂપને પામે છે. એ વંશમાં શ્રી હરિની આજ્ઞા પ્રમાણે જ પુરૂષ ખોળી, તેનાં ચરણમાં આનંદ માની રહેવું, એજ ધર્મ છે. એની શરણે રહી આજ્ઞા પ્રમાણે ચાલવું વિચરવું, એજ વેદ આજ્ઞા જાણ્યાનો પ્રભાવ છે. તે વિના મિથ્યા અહંમભાવી કદી પણ સત્પંથે આવી શકતો નથી. એનું નામ જ સત્પંથ છે.

હરિવંશને જાણી ખોળી તેના અનુભવે જ્ઞાન ને ક્રિયાચારમાં શુદ્ધ, સાત્વિકતાંમાં રચ્યો પચ્યો રહેતો હોય ! તોજ તે સત્પંથી કહેવાય. બોલી બતાવે, પણ કરી ન બતાવે, તે સત્પંથી નહિ પણ કર્મ ચંડાલ. ઢાંગી, પરપંચી, જગતને છેતરનારો જાણવો. એવા ઢાંગિયોની સોબતે ચડી જગત પાયમાલ થતી જાય છે. તેથી બચવું, એ અમથા જીવ્યાં કરતાં હજાર દરજે ઉત્તમ છે.

અવિદ્યા મચી કુલિનતા, સંજ્ઞા, અટૃકોમાં એ અટવાતી નથી, ચારિત્ર વગર ઉત્તમતા પરંપરાએ રહેતી નથી. પવિત્ર

આત્માઓ ચારિત્ર સ્થાનેથી સદ્દવિદ્યાને લેઈ જુદા જુદા વેલાઓમાં ફુલી નિકલે છે. જગતમાં વિનાશી તત્ત્વો વાવનારા કુલિન કે ઉત્તમ મનાય જ નહિ, એ તો રાક્ષસી માયા જ ગણાએ. કૃતવ્ય પરાયણતાએ જ સત્ય ધર્મ શોભાવી શકાય છે.

વ્હાલા વાંચક વિરોને વિનંતી, કે આવા સત્પંથના તત્ત્વના મહાન ગુહ્ય પ્રશ્નોનો ઉકેલ મારા જેવા પામરથી થવો જ અશકય છે, જેથી લેખમાંહે અનેક ત્રુટિયો દેખાતી હશે! તે બાબતની ક્ષમા યાચું છું. સુજ્ઞ વાચક વિરોને વિનંતી કે ગુહ્ય વિષયનો લેખ હોવાથી ઠેર ઠેર ભૂલો હોવાનો સંભવ છે, માટે આપની સુજ્ઞ દ્રષ્ટિએ દોષ જણાયે તે કૃપાયા લેખક ઉપર દયા કરી લેખકને દર્શાવી આપવી, ને લેખને ત્યાંજ સુધારવો જેથી બીજી આવૃત્તિમાં શુધારો કરી શકાય. હાલ એજ વિનતી. લેખક આપની કૃપાનો અભિલાષી સૈયદ **બાવા સાહેબ અહમદઅલી, 'ખાકી'ના સપ્રેમ હેજંદા વાંચશો જ.**


આ પુસ્તક તો બહુ વરસ પહેલાં એટલે સંવત ૧૯૬૯ ના ચૈત્ર સુદી ૩ ને વાર શુકરનાં રોજ રચાઈ તૈયાર થઇ ગયું હતું, તેજ વખતે પ્રસ્તાવના પણ લખાઈ ગઈ હતી, પણ તે વખતે મારા મગજમાં કોઈ બીજા જ પ્રકારનાં તત્ત્વો રમી રહેલા હોવાથી. તેવી જ લખાઈ હતી. પ્રસ્તાવનાં તો પુસ્તકનાં નામ અને તે માહેલા ગુણા ગુણ દર્શાવતી તે લેખની સમાલોચના જ એમાં હોવી જોઈએ તે તેમ ન હોવાથી, મને તે ધ્યાનમાં ન બેસવાથી આજ આ પ્રસ્તાવના લખવા ધારી, તે શ્રી સદ્દગોરજીએ પૂરણ કરી છે.

ઓલો શ્રી સદ્‌ગોર ઈમામ શાહ બાવાની જય. શ્રી નરમહં-મદશાહ બાવાની જય, શ્રી અશરફશાહ બાવાની જય. શ્રી સત્પંથની સદાએ જય જય જય જય જય જય જય સંવત ૧૯૯૬ માહ સુદી ૧ શુક્રવાર બીજને દહાડે પુર્ણ કરી છે. તા. ૨૨-૨-૧૯૪૦

ૐ

ઔરંગઝેબ બાદશાહે, સત્પંથનાં છત્રીસમાં (૩૬) ઇમામ, શ્રી અશરફ શાહોજીને સત્પંથની મુખ્ય સંસ્થા જે શ્રી પી·

યા ફત્તાહ | યાબાસે



ચાદાફે | યાનાફે

રાણા ગામે છે. તેનાં મુખ્ય ગાદિવાળા શાહોજી તેમને આપેલું પ્રમાણ પત્ર.

ખુદા સાહેબના નામથી કે તે બક્ષનાર તથા પાલનાર છે.

જ્યારે મોટી ખાક અરજમાં પોહોચ્યું કે, અમદાવાદ સરકાર અને સુબા મજકુરના અમલદારની સાણંદ પ્રમાણે પીસ્તાલિસ વીઘાં જમીન માપે કે, ગંજે ઇલાહી તરીકે ચોંતરિસ વિઘા ને સત્તર વસા થાય છે, હવેલીએ અમદાવાદના પરગણામાં મકબરાના ખરચની વજેમાં મુકરર હતી, અને આજ પર્યંત જમીન મજકુરના ભોગવટાથી નીકળી ગયેલી, અને સૈયદ ઈમસુદ્દીનના પૌત્રા સૈયદ મોહંમદ અશરફ અરજ રાખે છે કે જમીન મજકુર, સૈયદ મોસુફનાં રોજા ખરચને વાસ્તે ઈનાયત થાયે. માટે જહાનના સાહેબના માન્ય કરવા જોગ હુકમ જાહેર થયો, કે જમીન મજકુર કદીમ મેહેલેથી રોજા મજકુરના ખરચને વાસ્તે ફસલે ખરિફ બિલાન ઈલની અડધિયાનથી સૈયદ મોહંમદ અશરફ મજકુરની ગુજરાતની મદદના વજેમાં પેટાની ખાહીસે મુકરર હતી. કે તેની ઉપજ જે બસલે ફસલ અને વરસો વરસ, પોતાનું ગુજરાન ખર્ચ કરી હંમેશાં બાકી રહેવાની દોલતની દુઆમાં મશગુલ રહેવાનું કરતો રેહવો જોઇએ. કે હાલમાંના અને આવનારા હાકેમો, તથા અમલદારો, તથા જાગીરદારો, તથા કરોડીઓએ આ મોહોર, આ હુકમને જારી જાણી જમીન મજકુરને તેમના વહીવટમાં છોડવી. અસલ અને તમામ રીતે તેને ફેરવવા અને બદલવાનો રસ્તો આપવો નહિં. તથા વજેમાલના તથા ખરચના કારણથી.

જેવું કે ગોરસી, તથા નજરાણું. તથા માપણીનું તથા જાબતાનું, તથા મોસલીનું, તથા મોહોર કર્યાનું, તથા દારોગાઈનું, તથા બેગારનું, તથા શિક્કા કરાઈનું, તથા દશી અડધો ટકો તથા પટેલાઈનું તથા સેંકડે બે ટકા કાનુન ગોઈનું અને હરસાલ વધતીનું, તથા ખેડની તકરાર, તથા સર્વ દિવાની હરકતો, તથા બાદશાહીની માંગણીની હરકતો પોહોંચાડવી નહિ, અને આ બાબતમાં હર વરસનો નવો હુકમ અને સનંદ માંગવા નહિ. અને કોઇ બીજે ઠેકાણે કોઇ વસ્તુ રાખી હોય, તેનો ભરૂસો કરવો નહિ, તારીખ ઓગણીસ (૧૯) મી માહે જિલહજ. સને આઠ (૮) જુલુસે એ વાલાએ લખાણુ થયું.

આંક ૫ ની. ફ. ક. દા. તા. ૧૪ જાન્યુઆરી સને ૧૮૬૭. પ્રા૦ શામજીકાકાનાં વકીલે રજુ કર્યું. નંબર ૮૯૫ ૧૮૬૬. સુ૦ મંછારામ.

જેમણે ઔરંગઝેબ બાદશાહનાં જોર જુલમ શાન્ત કરી, ઈમામતની કશોટી બાદશાહ દરબારે પુરણુ કરી દેખાડી, બાદશાહને શાન્ત કરી. આનન્દ પમાડયો હતો. ને ઉત્તર હિન્દુસ્તાનનાં બ્રહ્મણુ ઔરંગઝેબ બાદશાહના દરબારે મહાન વિદ્વાન પંડિત શ્રી શ્યામલાલથી શાસ્ત્રાર્થ કરો, તેઓને ઉપદેસી મનાવી સત્પંથથી પવિત્ર કર્યા.

ૐ

સત્પંથનાં (૩૬) છત્રીસમાં ઇમામ શ્રી શાહોજી અશરફશાહ બાવા; તેમને બે પુત્રો હતાં ૧ સૈયદ સદ્ગોર નશરૂલ્લાહ તથા ૨ શ્રી સદ્ગોર અબાસીમીયા. શ્રી. નશરૂલ્લાહ સાહે-

અની દેહના વિલ્ય પછી ગાદીનું કામ શ્રી'સદ્દગોર સૈંયદ અબ્બાસીમીયા સાહેબને સોંપવામાં આવ્યું, કારણ નશરૂલ્લાહ સાહેબ અપુત્ર અમરલિલા કરી ગયા હતા. નશરૂલ્લાહ સાહેબનું બીજું નામ શાહ હેદર પણ કહેવાય છે.

ન્યાયાધીશ
કોર્ટ સંસ્થાન
ખંભાત

નશીબદાર વજીર એ તે માહખાન, અને શેખ અને સદર, મોહમ્મદ અકરમ મુદ્દિનની મહોરવાળો તા. ૨૧ માહે સાબાન સને ૩૭ જુલુસે વાલાની, કરાર મુજબનો પરવાનો, લખવામાં આવ્યો કે શાહ ઇમામોદ્દિનનો નુરાની રોજો, જે અમદાવાદના હવેલી પ્રગણાના અમલમાં આવેલા ગિર્મથા ગામમાં છે. તેની તોલિયત (Duyertendercvec) અને સજ્જાદે નસીથીના (વારસ તરિકે ગાદિએ બેસવાનું કામ)નું કામ સૈયદ મોહમદ અશરફ વલદે સૈયદ મુરતુજાને નામે મુકરર હતું, અને મજકુર માણસનાં ગુજર્યા પછી મરહુમ શેખ ગુલામ મહિઉદ્દીન અને મરહુમ સૈયદ નિજામોદ્દીન હશન. અમદાવાદ સુબાના અગાઉના સદરોની મોહોરવાલા પરવાના મુજબ સૈયદ મોહમ્મદ અશરફ ગુજરી ગએલાનાં દિકરા સૈયદ નશરૂલ્લાહને નામે મુકરર કરવામાં આવેલુ. આ વખતે પણ મજકુરરોજાની તેલિયતને સજ્જાદેનશીનીનુ કામ અગા-

ઉના દસ્તુર મુજબ. મજકુર સૈયદ નશરૂલ્લાહને નામે મુકરર કરવામાં આવ્યું. લખેલા કામો કરવામાં મામુલ મુજબ વર-તવું જોઈએ. તા. સદર સને મજકુર

ન. ક. આગા યુશુફ ખાનવા.
આગા નશરલ્લાહ
મુ. ક. G J Shekh

તરજુમો કરનાર જી. ડી.
શેખની અંગ્રેજીમાં સહી
પરશિઅન ટીચર

ન્યાયાધીસ સંસ્થા
ખંભાતની કોરટનો
શિક્કો

ખરી નકલ
અંગ્રેજીમાં સહી
ન્યાયાધીશ

મજકુર મહમદ અશરફ (એટલે શ્રી શાહો અશરફશાહ) બાવાના પવિત્ર પુત્ર ગાદી વારસ સૈયદ અબ્બાસીમીયા સાહેબ. તે શ્રી શાહોજીની મજકુર જગ્યાએ બાદશાહ તેમને સત્પંથનાં ગાદીવારસ તરીકે રાજયની સમંતીએ મુકરર કર્યા, તે બાબતનો પ્રમાણ પત્ર.

રસુલિલ્લાહની
શરીઅતના સેવક
મુફતી ગુલામરસુલ
૧૧૬૧ હીજરી

અસલ પ્રમાણે નકલ.

1972 -Satpanth Chetamani Etle Satyabodh (715)

મર્હુમ જવાંમર્દખાન બાબીની મહોરવાલો પરવાનો. આ જાહેરાતથી જાગીરદારો, હવેલી સરકાર, અને અમદાવાદના સુબા સાહેબનાં તમામ માણસોના જાણવામાં આવે કે, જયારે ખુદાનો મેળાપ જેમને પ્રાપ્ત કર્યો હોય, એવાઓમાં શ્રેષ્ઠ પુરૂષ (હ૦ સૈયદ ઈમામો દીન તેમની કબર પવિત્ર રહો), નાં રોજાની ગાદી ઉપર બેસવાનો હક્ક અને રોજાના વહિવટ કરવાનું કામ સૈયદ અબ્બાસી વલદે સૈયદ મહંમદ અશરફને મુખ્ય અમલદારની મોહોર સાથે જુના રિવાજ મુજબ સોંપવામાં આવ્યું છે. ત્યારે મજકુર ખિદમતના દસ્તુર મુજબ ઉપર કહેલા સૈયદ સાહેબને તે જગ્યા ઉપર કાયમ રાખીને તેમને સજ્જાદાનશિન (ગાદી ઉપર બેસનાર) ગણી તેને બધા લવાજમ અને હક્કો તેમના ભોગવવા માટે સોંપી દેવામાં આવે છે, અને તેમની યોગ્ય સલાહ અને શબ્દો વિરૂદ્ધ જવું ન જોઈયે. હાલમાંજ તાકીદ સમજીને લખ્યા મુજબ અમલ કરવો. તા. ૧૯ માહે જમાદિઉલ અવ્વલ સને ૧૧૬૧ હીજરી

ૐ

શ્રી શાહોજી અશરફશાહ બાવાના (દિકરા અબ્બાસી મીયાના દિકરા.) સૈયદ બડા સાહેબ બાવાએ રાજ્યનાં પ્રતિષ્ઠ પુરૂષોના મતે સત્પંથ સંસ્થાના વહિવટ માટેની વ્યવસ્થાનાં વ્યવહારો માટે લીધેલ મતનો દસ્તાવેજ એટલે મેજર

હજરત પીર ઇમામુદીન સાહેબ

નાયાધીસ કોર્ટ
ખંભાત સ્ટેટ.

શાહઆલમ
બાદશા આન
મોહંમદખાન

નગર શેઠની
મ્હોર.

પ્રતિષ્ઠિત
ગૃહસ્થની
મહોર


રસુલીલ્લાહ
ગરઅંતખાદિમ
મુફ્તીગુલામ રસુલ
૧૧૬૯

ઉંચા દરજ્જાવાળા વજીર અલીમહુમદખાન બહાદુર, દિવાન બાદશાહી અને શેખ ગુલામ રસુલ મુફતી, અને શહેરના શાહી મોહેલા સૈયદો અને મહાન શેખોની મહોરો વાલો તારીખ (૫) પાંચ રબિઉલસાની એક હજાર, બસ્સો પાંચ હીજરીનો લખેલો સવાલ પત્ર, એ વિરોનો કે ઉત્તમ પીર (ઉપર લખેલ હ૦ સૈયદ ઈમામુદ્દીન)ના ફરજંદો માનો. એક સૈયદ બડામીયા, બીન સૈયદ અબ્બાસ, બીન સૈયદ અશરફ જલાલશાહી સૈયદ, અમદાવાદ શહેરનાં મહાન સૈયદો, મહાન શેખો, અને મહાન પુરૂષો ને સવાલ કરે છે! અને એ વિષે શાખ માંગે છે; કે હ૦ પીર સૈયદ ઈમામુદીન એમના મહાન પિતા સૈયદ કબીરૂદ્દીન ઇરાકથી હિંદુસ્તાનમાં આવ્યા તે પીર હતા; અને ચમત્કારી કામ (Miracles) કરતા, એ મહાન પીર સાહેબનો રોજો મજકુર શહેરની પંજ કરોહી (દશકોઈ) ઉપર ગિરમથા ગામમાં છે. એમના ઘણાખરા ફરજંદો ત્યાં રહે છે. એમનામાં નો દરેક, જે કાકા મજકુર દરગાહનો મુતવલ્લી (sqcerindent) અને મુતકાફિલ (Abontman) હોય છે. તેની મારફતે, દરરોજે, દર મહિને અને દર વરસે મળતી રકમ મેળવે છે. અને તેમની ખાસ

ભાષામાં 'કાકા' એવા શખ્સને કહે છે કે જેને આવક અને ખર્ચમાં કોઇ ભાગિઓ, શરીક કે દખલ કરનાર હોય નહિ, અને સઘળા ફરજંદો અને મુરિદોને તાબે હોય અને આવનાર અને જનાર હિંદુ હોય કે મુસલમાન હોય તેને માટે ખોરાક અને પરમેશ્વરની રાહે લંગર જારી રાખે જમીન તેના દસ્તરખ્વાન એટલે એ દુશ્મન હોય કે દોસ્ત હોય (નોતરવામાં આવવો જોઈએ.) મજકુર પીર સાહેબનો ઉરસ તા. ૨૫ માહે મુબારક રમજાનને દિવસે મુકરર છે. પણ લોકો રોજા અને ઇદના દિવસોને લીધે ત્યાં આવી શકતા નથી, તેથી માહે સવ્વાલ મહિનાની છઠ્ઠી તારીખે ઉરસ ક્રિયા કરવામાં આવે છે. લેખ જોતાં સુધી લગભગ ચારસો વરસ વીતી ગયા છે. અને મજકુર સૈયદ સાહેબની દરગાહની તોલિયત (superintendency) તેમનાજ ફરજંદો સિવાય જે પેઢી દર પેઢી થાય છે. આજ સુધી કોઈ બીજીને મલતી નથી. દરેક મહાન પુરૂષોને એ હકીકતનું જ્ઞાન અને ખબર હોય, તેમણે આ કાગલ ઉપર પોતાની મોહોર અને સાખ કરવી. લખ્યું તારીખ મજકુર, માહે સદર, શન મજકુર. માર્જીનમાં મોહોરો અને શાખોની સહિયો ને (શિક્કાઓ) છે.

તરજૂમો કરનાર આગા યુસુફ વા. આગા નુરૂલ્લાહ


મુકાબલ કરનારની અંગ્રેજીમાં સહી ખરી નકલ



ન્યાયાધિશની અંગ્રેજીમાં સહી
ન્યાયાધીશ
તૈયાર તા. ૨૭–૧૨–૧૯૩૧
રજુ તા. ૧૫–૧૨–૧૯૩૧

ૐ

પીરાણાની સંસ્થાના વહીવટદાર કાકાએ વંશજનોના કહેવાથી પોતાને મળેલી સત્તાની આપેલી ફારકતી તા. વહીવટની.
(રાજ્યનાં સત્તાધારીયોની રૂબરૂ)



સ્વર્ગસ્થ સૈયદ ઈમામોદ્દીન સાહેબના પવિત્ર રોજાનાં સેવક (કાકા) નામે અબ્દુલ રેહમાન બીન શાહ મહંમદ આ પ્રમાણે શરિઅતના કાયદા મુજબ કરાર કરૂં છું કે, હું કરાર કરનાર પોતે મજકુર રોજાનાં રેહઠાણ ઉપર આવીને જાહેર કરૂં છું કે, રોજા સંબંધી સર્વ કાર્યમાં હું દખલ ન કરૂં, અને પુત્રો તેના લાગતા વળગતા અને ત્યાંના સેવકોને તકલિફ પહોંચાડું નહિ, અને દાવો કરૂં નહિ. અને તકલિફ પોહોચાડું ને દાવો કરૂં, તો તે રદ બાતલ છે, અને હું ગુનેહગાર બનું અને દોષપાત્ર ગણાઉ. તા. ૨૩ રબીઉલ અવ્વલ સને ૧૧૫૧ હીજરી.

ચેહેરો

મજકુર કરાર કરનાર ગૌરવર્ણો, પહોળા કપાળવાળો, અને પહોળા ભવા વાળો છે. દાઢી અને મૂછો કાળી અને કેટલાક વાળ ધોળા અને માથાની જમણી બાજુએ થોડાક વાળ છે અને કાનમાં સુરાખ છે.

સત્પંથ સંસ્થાનાં વહિવટ કરનારા કાકાઓ પ્રથમ રાજ દફતરે સંસ્થાની જમીન રાજ્ય દફતરે ચાલે છે; તેમાં રોજાના મુજાવર તરીખે પોતાના નામો ચલાવતા, તે આજ પ્રયંત કેટલા થયા? તેની યાદ.

પ્રથમ કાકા નાયા

આ કાર્યવાહકો કાકાઓમાં જેમની નામવારી બેત્રડાઈ છે તે. રાજ્ય દફતરે રાજ્યને પાલવતું અમલદારો પોતે લખતાં ને સંસ્થાનાં દફતરે નામ જે લખાતું તે લખતા. તે, બન્ને અત્રે લેવામાં આવ્યા છે. વાંચક મહાશયો જાણે કે સત્પંથમાં કોમીવાદ નથી.

અનુક્રમ નંબર	નામ સત્પંથમાં પ્રખ્યાતી પામેલ			નામ રાજ્ય દફતરે લખેલ
૧	શાણા કાકા	....	....	૦
૨	સામજી કાકા	....	....	શેરમદં કાકા
૩	કૃષ્ણ કાકા	....	....	કરિમ મહંમદ કાકા
૪	સોમજી કાકા	....	....	શાહ મહંમદ કાકા
૫	રૈયા કાકા	....	....	૦
૬	રામજી કાકા	....	....	રાજે મહમદ કાકા
૭	નથુ કાકા	....	....	નુર મહંમદ કાકા
૮	ભૂલા કાકા	....	....	૦
૯	પ્રાગજી કાકા	....	...	૦
૧૦	નથુ કાકા	...	....	૦
૧૧	દીપા કાકા	...	....	અબ્દુરહીમ કાકા
૧૨	મનજી કાકા	....	...	૦
૧૩	નથુ કાકા	....	....	૦

૧૪	નાગજી કાકા	....	....	૦
૧૫	સામજી કાકા	....	...	૦
૧૬	પેથા કાકા	....	....	૦
૧૭	નથુ કાકા	....	....	૦
૧૮	કરમસિંહ કાકા	....	....	૦
૧૯	લક્ષમણુ કાકા	....	....	૦

૨૦ રામજી કાકા હાલ હયાત છે. તેઓ ધર્મદ્રષ્ટિએ વિચિત્ર ભાવવાળા હોવાને લીધે ધર્મમાં વિક્ષેપ પડી જવાથી સેવકોમાં તફરકો પડી ગયો છે.

ૐ

બાકી કોણુ!

સૈયદ બાવા સાહેબ.

શ્રી ૐ સૈયદ સદ્ગોર પાત્ર બ્રહ્મા ઈન્દ્ર ઈમામ શાહ સૈયદ, સુત આદ્ય નિરંજન વિષ્ણુશાહોજી નરાધીપતી શ્રી મહંમદ શાહ સૈયદ. ના પવિત્ર પુત્ર શાહોજી શાહાબોદ્દીન સૈયદ. જેઓ સત્પંથના સજ્જાદ્દા—ગાદ્દી પતી હતા. તેમના પવિત્ર પુત્ર શ્રી શાહોજી જલાલ શાહ બાવા સૈયદ, એ પણ સત્પંથના ગાદ્દી પતી (સજ્જાદ્દા) હતા, તેઓનાં પવિત્ર પુત્ર શ્રી શાહોજી સુર્તુઝા સાહેબ સૈયદ જેઓ પણ સત્પંથનાં સજ્જાદ્દા હતા. તેમનાં પવિત્ર પુત્ર શ્રી શાહોજી શ્રી અશરફ શાહબાવા સૈયદ, જેઓ સાહેબને સત્પંથનાં ધાર્મિક ને માર્મિક ખુલાશાની ચોખવટને નિર્ણય કરવા ઔરંગઝેબ બાદશાહે સત્પંથના ગાદ્દી વાલા તરીકે દિલ્લી બોલાવેલા, પોતે શાહોજીએ બાદશાહની સર્વ મુઝવણોને સુધી રીતે ખુલાશો કરી

આપ્યો, જેથી સત્પંથનાં ખરા સજ્જાદા (ગાદીવાલા) નો તેમને પ્રમાણુ પત્ર આપ્યો. (તેમાં જમીનાદિ કેટલીક બક્ષિસોની બાબતોનો લેખ છે.) તેઓ સાહેબને બે પવિત્ર પુત્રો હતા. ૧ પીર શ્રી નશરૂલ્લાહ સાહેબ સૈયદ, જેઓને સજ્જાદગીનું બાદશાહી પ્રમાણુ પત્ર મળેલ હતું. ૨. પીર શ્રી અબ્બાસ અલી સાહેબ (અમાસી મીયાં) સૈયદ. ને સત્પંથનાં ગાદીવાલા (સજ્જાદા છે.) તેવો પ્રમાણુ પત્ર બાદશાહી મલ્યો હતો. ઉપરના સર્વ વૌંશજનોને બાદશાહી પ્રમાણુ પત્રો અપાએલા હતા. તેમના પવિત્ર પુત્ર પીર બડા મીયાં સાહેબ સૈયદ. જેઓ સાહેબનાં સમયમાં કોમી આક્ષેપ વિક્ષેપો, પાખંડિયોનાં તરફથી પડેલા હોવાથી તે ટાળવા હીજરી સન ૧૨૦૫ માં પોતે રાજનગર (અમદાવાદ) માં પધારી, ત્યાંનાં મહાજનો; કોમી, ધાર્મિક; રાજવી આદિ મહાપુરૂષો સમક્ષ સત્પંથ સંસ્થાનાં રક્ષણાર્થે કે સંસ્થા હંમેશાં ધાર્મિક નિયમાનુકુળ ચાલ્યા કરે, તે માટે સર્વાનુમતે, એક મેજર (નિયમાવલી) સર્વની સાક્ષીયો લેખમાં લેઈ પબ્લિકમાં મૂકી નિયમોનો બંદોબસ્ત પળાવવાનો કરી, પોતે શ્રી સદ્ગોરજીની આજ્ઞા "જે બારમી સદીની કરેલી છે." તેનુ વર્તન આજ્ઞા પ્રમાણે પાળવા ને વ્યવહારમાં રહે તે માટે પોતે સજ્જાદગી એટલે ગાદી પતીપણુાનાં જાહેર હકને ગૌણ રાખી, આવેલી શંકટાઈની વિધિ યુગાનુકુળ કરી સમય ટાળી દીધો. ગુપ્તપણું પબ્લીકમાં અહીંથી મૂકાયું ? તેમના પવિત્રપુત્ર પીર સૈયદ અલીમીયાં સાહેબ. જેઓ સાહેબના સમયે કચ્છમાં કેટલા લાગતા વળગતાં, અને બારોટો, ભાટો, ભવૈયાદિની દોરવણીએ ઉશ્કેરણીમાં દોરવાયાથી, સત્પંથમાં વિક્ષેપ પાડી ધાંધલ મચાવેલી, તેનો

નિરણુય કરવાને ને શાન્તિ પાથરવા,ધાર્મિકઉત્તેજના અર્થે કરી ઉપડેલ બંડને સમાવી દેવા ત્યાં પધારી, એક પબ્લીક લેખ કરાવી, ખોટી પજવણી સત્પંથિયોને માથેથી ટાળી દીધી. તેવામાં જ બનાવટી વંશ ઉભો થઇ, સત્પંથમાં, અમે સ-સ્થામાં વહિવટાદિમાં શિર જોરી કરી દખલ કરવા લાગ્યા જેથી પોતે સત્પંથિયાનો એક ડેપ્યુટેશન લેઇ પુને પેશ્વા સરકારની હજુર પધારેલા, ત્યાંથી કાર્ય સત્પંથ સેવાનું પતાવી, કાનમ જીલ્લે કુકશ ગામે (નાયા કાકાને ધામે) પધારેલા. તે ઠેકાણે એવોશ્રીને કુકશમાં સત્પંથના શત્રુઓએ ઝેર દઇ પ્રાણનો વિલય કરેલો. તેમના પવિત્ર પુત્ર સૈયદ પીર બાવા સાહેબ જેઓને સત્પંથની ક્રિયા ભ્રષ્ટો શત્રુઓએ, ઘણું, ઘણું પજવ્યા હતા, જેવાકે તેઓશ્રીનાં ઘરમાં ચોરિયો કરાવી, અમદાવાદ જતા આવતા લૂટાદિ કૃતવ્યો હરામખોરોને ઉશકેરી કરાવતા હતા. તેમનાં પવિત્ર પુત્ર પીર સૈયદ અલી મીયા સાહેબ. એ સાહેબનાં સમયમાં સેવકોને સૈયદોનાં વચમાં કાંઇક ગોઠડી થવાથી સશાસ્ત્રી ક્રિયા વિના શાન્તિએ જેમ તેમ અ વહિવટ ચાલ્યું, જેથી ક્રિયા વિના ધર્મ નાશ જ થતું આવ્યું. તેઓ સાહેબને બે પવિત્ર પુત્રો હતા. ૧ પીર સૈયદ જાફર અલી સાહેબ, પીટલાદ રહેતા શ્રીજીના વંશના સૈયદને ત્યાં પરણ્યા હતા, તેમના પત્નિ ઉગ્રસ્વભાવનાં હોવાથી, બન્ને ભાઇયોને શાન્તિએ મળી રહેવા દીધા નહોતા, માંહોમાંહે વિક્ષપ નખાવ્યો હતો. તેઓ યુવાન વયે વગર પુત્રે દેવલોક પામિ ગયા હતા.

બીજા પુત્ર સૈયદ પીર અહમદઅલી સાહેબ જેઓનાં સમયમાં સત્પંથની ક્રિયાઓનો અતિજ અસહકાર થતો આવ્યો.

સત્પંથિયો વગર અનુભવે ભડકી સમાજિસ્ટ ચળવળેથી, આસ્થા હીણુ બનવા પામ્યા હતાં. તેમને પવિત્ર પુત્ર સૈયદ બાવા સાહેબ (ગુલામહયેદર) જેમણે સ્વાતમ બળે બને તેટલી જેહમત વેઠી સત્પંથની સેવા આદરી. કેટલાક નવિન પુસ્તકો આદર્યા, ને છપાવરાવ્યા, ને કેટલાક પુરાતન પુસ્તકો જે અપરાપ્ય જેમ હતા ને કલમી લખેલ હોવાથી સાધારણ જન્તાને મોઘાં પાડતા, જેથી અપ્રાપ્ય રેહતા. તે માંહેલા કેટલાક છપાવરાવવાથી સસ્તા ને સેહલા જાહેર મૂકાયા તે કેટલાકને સુગમ અને પ્રાપ્ય થયા વિના નહિ જ રહે.

સત્પંથથી અજાણ પુરૂષોને વિન્નતી કે સત્પંથ અગમ્યને ગુઢ, તત્વદર્શિ ધર્મ હોવાથી સેજ સાજ અનુભવે ને જુજ વિદ્યાએ પામી શકાય તેમ નથી. જેથી સત્પંથ પ્રેમિયોને વિન્નતી કે, સત્પંથને જાણુકાર પુરૂષોએ સત્પંથને સહેલો જગત સમજી શકે તેવી ઈચ્છાવાળાઓએ અગમ્ય ભેદ માટે અથર્વ વેદી, પુરાણો માંહેથી હરિવંશ પુરાણુ, તે ભવિષ્ય પુરાણાદિની મદત લેઈ પબ્લીકમાં પ્રચાર કરવાનો છે. બીકને ભય તે અજાણુપણુ, અને બીન અનુભવ પણું એથી એજ નડે છે, માટે શ્રીજીની આજ્ઞા પ્રમાણે "વેદ કહે તેમ કરવું સહી" એ ભેદ ખોળી નિર્ભય થઇ પ્રચાર કરવા કૃપાવંત થવું, એજ વિન્નતી. તેમનાં પવિત્ર પુત્રો ૧ સૈયદી પીરશમ્સ દીન, તે હાલ વિદ્યા અભ્યાષ કરે છે, ૨ બાળ સલાહોદીન છે.

સેવાવંશે આવેલો સત્પંથનો સેવક પોતે "ખાકી"

શ્રી નિષ્કલંકી નારાયણ ઇમામ મેંહદી (અ૦), લેખકની મનોકામના તે સત્પથના પવિત્ર પુરૂષોના પુન્ય પ્રતાપે પૂર્ણ કરો. આમીન તથાસ્તુ.

સત્પંથ ચેતામણી

પદ ૧

રાગ ગરબો

મીઠું મીઠું મહમ્મંદ નામરે, અન્નંત ઓધારી,
ઠર્યું ઠર્યું હૃદયને ધામરે, અન્નંત ઓધારી,
આવે આવે કયામતે કામ રે, અન્નંત ઓધારી,
તારો તારો ત્રવેણી ઠામરે, અન્નંત ઓધારી (ટેક)

આવ્યા અરબસ્તાનમાં, અબદુલ્લાને ઘેર,
આમનાં ઓદ્ર ઓપાવીયું, પૂરણ કીધી પેરરે. અ૦

કર્યું કર્યું મદીને ઠામરે, અન્નંત ઓધારી,
દીપ્યું દીપ્યું હાંસમનું નામરે, અન્નંત ઓધારી
શોભે શોભે તે પૂરણ કામરે, અન્નંત ઓધારી
આપો આપોને અમ્મર ઠામરે, અન્નંત ઓધારી. ૧

અવની માંતે અવતર્યા, જુલમી કરવા જોર,
દીનને દીપાવવા, કુફરનું કરવા કેરરે. અ૦
ટાળ્યો ટાળ્યો તે અબુજેલરે અન્નંત ઓધારી,
કર્યા કર્યા અનંત ખેલરે, અન્નંત ઓધારી,
કર્યો કર્યો ન કાફરે મેલરે, અન્નંત ઓધારી,
દીધો દીધો દોઝખમાં ઠેલરે, અન્નંત ઓધારી. ૨
કહ્યું એકે આવીને, હોય નબુવત નામ,
ચંદ્ર ઉતારો અવનિયે, કરો તેના બેઠામરે. અ૦
કર્યો કર્યો હુકમ તે વારરે, અન્નંત ઓધારી,
આવ્યો આવ્યો ચંદ્ર તે ઠારરે, અન્નંત ઓધારી,
કર્યા કર્યા તેના બે પારરે, અન્નંત ઓધારી,
જુએ જુએ જગત તે વારરે, અન્નંત ઓધારી. ૩
એકે અરજી આદરી, પુત્ર લેવા કાજ,
હરજી આપો હેતથી, તમે રાખોને મમ લાજરે. અ૦
કરે કરે કળાએ કામરે, અન્નંત ઓધારી.
આવ્યા આવ્યા તે તેણે ઠામરે, અન્નંત ઓધારી,
જિબ્રિલે કરી સલામરે, અન્નંત ઓધારી,
લેજો લેજોના પુત્રનું નામરે, અન્નંત ઓધારી. ૪
નથી નસીબમાં એહને, પુત્ર કે પરીવાર,
સાહેબે મુજને મોકલ્યો, કહેવાને નાં, આવારરે. અ૦

થયા થયા ઉદાસી આપરે, અન્નંત ઓધારી,
બોલ્યા બોલ્યા તે તેની સાથરે, અન્નંત ઓધારી,
નહિ નહિ તે દુઃખનું માપરે, અન્નંત ઓધારી,
ટળે ટળે નહિ તે તાપરે, અન્નંત ઓધારી. ૫

ગદ ગદ કંઠે ગોરજી, બોલ્યા તેહની સાથ;
અદકો એ પણ લાગીયો, વસવા બન્ને હાથરે. અ૦

એવે એવે આવ્યા ઈમામરે, અન્નંત ઓધારી,
જેનું જેનું હુસેન છે નામરે, અન્નંત ઓધારી,
આવ્યા આવ્યા તે તેણે ધામરે, અન્નંત ઓધારી,
થયા થયા ઉદાસ ઈમામરે, અન્નંત ઓધારી. ૬

નબિયે નવ બોલાવીયા, તેથી થયા ઉદાસ;
અનમના ઉભા રહ્યા, મૂકીને નિસ્વાસરે, અ૦

જોયા જોયા ઉદાસ ઈમામરે, અન્નંત આધારી,
બોલ્યા બોલ્યા મહમ્મદ નામરે અન્નંત ઓધારી,
થયા થયા ઉદાસ સે કામરે ? અન્નંત ઓધારી;
આવો આવો ને મારા ઈમામરે; અન્નંત ઓધારી; ૭

પ્રેમથી પધરાવિયા, ઉમંગે ઉછરંગ માંએ;
પૂછ્યું ઇમામે તે સમે, તમે હતા ઉદાસી કાં એરે અ૦

બોલ્યા બોલ્યા નબી તેણી વારરે, અન્નંત ઓધારી,
કરે કરે અરજ આ સારરે, અન્નંત ઓધારી;
માંગે માંગે પુત્ર પરીવારરે, અન્નંત ઓધારી.
માંગું માંગું હું જેણી વારરે, અન્નંત ઓધારી. ૮

એવે જિબરિલ આવીયા; બોલ્યા તેણી વાર,
નથી નસીબમાં એહને, કરજો માં, તકરારરે, અ૦
બોલ્યા બોલ્યા ઇમામની જાતરે, અન્નંત ઓધારી,
સાને સાને કરો ઉત્પાતરે, અન્નંત ઓધારી,
દીધો દીધો તે રૂડી ભાંતરે; અન્નંત ઓધારી, ૯
થાશે થાશે એ પુત્રનો તાતરે, અન્નંત ઓધારી,
વળતા વાણી ઓચરે, ઉમ્મતનાં સરદાર,
વિવેકે વાણી વદો, જરા દીયો આધારરે. અ૦
બોલ્યા બોલ્યા તે બીજી વારરે, અનંત ઓધારી,
દીધા દીધા બેપુત્ર સારરે, અન્નંત ઓધારી,
ના....ના...કહે નબી તે વારરે, અન્નંત ઓધારી.
દીધો દીધો ત્રીજો આ વારરે, અન્નંત ઓધારી. ૧૦
હાથ ઝાલી અટકાવીયા, ધારોને ધારણ ધીર,
ચતુરાઈ તે ચૂકો નહિ, માનોને મારા વિરરે. અ૦
બોલ્યા બોલ્યા ઈમામ એ વારરે, અન્નંત ઓધારી,
થાસે થાસે એ ભાઇ ચારરે, અન્નંત ઓધારી,
વારે વારે નબી દેઇ આંચરે, અન્નંત ઓધારી,
બોલ્યા બોલ્યા ઇમામ તે પાંચરે, અન્નંત ઓધારી. ૧૧
નાં કહેતાં છો કહ્યા, હાં....હાં....કહેતાં સાત,
જિબરિલે ઝડપે આવીને,ઝાલ્યો નબીનો હાથરે.અ૦

રોકો રોકો નહિ આ વારરે, અન્નંત ઓધારી,
કહે કહે છે એ કિરતારરે; અન્નંત ઓધારી,
બોલે બોલે જે ચે આ વારરે, અન્નંત ઓધારી;
કરે કરે સદા કિરતારરે, અન્નંત ઓધારી. ૧૨

કુદરત સરવે માહેરી, નોછે એ સરદાર,
આપું હું ઇખ્ત્યારથી, ચે આપે એક વારરે. અ૦

કહેશે કહેશે જો ચે આ વારરે અન્નંત ઓધારી,
દેવું દેવું પડે નિરધારરે, અન્નંત ઓધારી.
મેલો મેલો એથી તકરારરે, અન્નંત ઓધારી,
થયો થયો તેને પરવારરે, અન્નંત ઓધારી. ૧૩

આશિષ લેઇને સંચર્યો, પહોંચ્યો પોતાને ઘેર,
અંતરે અંતરે અવતર્યા, સાતે પુત્રની સેરરે. અ.

એવા એવા ઘણા કીધા કામરે, અન્નંત ઓધારી,
તારો તારોને 'ખાકી' ગુલામરે, અન્નંત ઓધારી,
આપો આપોતે ચરણમાં ધામચે. અન્નંત ઓધારી,
'ખાકી' ખાકી કહે સર નામરે, અન્નંત ઓધારી, ૧૪

ૐ

પદ ૨.

રાગ ગરબો

વ્હાલું વ્હાલું તમારૂં નામરે, મહમ્મદ સૂરારી,
જાણે જાણે જગત તમામરે; મહમ્મદ મુરારી;

આવ્યા આવ્યા અરબને ધામરે, મહમ્મદ મૂરારી,
કર્યા કર્યા કરોડુંનાં કામરે, મહમ્મદ મૂરારી. ટેક

સરગ જોવાને સંચર્યા, ગયા જ્યારે મેરાજ;
અનંત્તર નોહોતો આપને, આપે ગરીબ નિવાજરે. મ૦
થયા થયા ત્યાં એક જ રૂપરે; મહમ્મદ મૂરારી,
જોયું જોયું ત્યાં એક અનુપરે મહમ્મદ મૂરારી,
આવ્યું આવ્યું ભોજનને રૂપરે, મહમ્મદ મૂરારી,
જમો જમો શુંદિર સ્વરૂપરે, મહમ્મદ મૂરારી. ૧

પરદા આગળ બેસારીયા, મહમ્મદને તે વાર,
સતકાર કર્યો જમવા તણો, અંદરથી કિરતારરે. મ૦
થયો થયો એવો અવાજરે, મહમ્મદ મૂરારી,
જમો જમો ગરીબ નિવાજરે, મહમ્મદ મૂરારી,
બોલ્યા બોલ્યા મહમ્મદનાંજરે, મહમ્મદ મૂરારી,
નથી નથી હમારૂં એ કાજરે, મહમ્મદ મૂરારી. ૨

એકલો અવની વિષે, નહોતો લેતો આહાર;
સમજુ શાણાઆપછો, આપે છોસરજણહારરે. મ૦
કરો કરોને મારો વિચારરે, મહમ્મદ મૂરારી,
એની એની કળા અપારરે, મહમ્મદ મૂરારી,
થયો થયો ત્યાં ગેબી અવાજરે, મહમ્મદ મૂરારી,
ભલે ભલે જમો આ વારરે, મહમ્મદ મૂરારી, ૩

ભોજન આ ભાવે જમો, હમો જમશું તમ સાથ,
પરદામાંથી પરવર્યો, શું દિર શાહનો હાથરે. મ૦
કળી કળી શકે નહિ કોઈરે, મહમ્મદ મૂરારી,
કળા કળા અકળ એની હોય રે, મહમ્મદ મૂરારી,
જાણે જાણે જવરલા કોયરે, મહમ્મદ મૂરારી,
જાણે જાણે જમે છે કોયરે, મહમ્મદ મૂરારી. ૪

નિરંજન નિરાકાર છે. વળી કહે છે તેનો હાથ,
હાથ યે કેનો હતો. કહેજોને સરવે સાથરે, મ૦
કહ્યું કહ્યું હતું હું સાથરે, મહમ્મદ મૂરારી,
જમ્યા જમ્યા ત્યાં દિનો નાથરે, મહમ્મદ મૂરારી,
જેની કાયાએ તેનો હાથરે મહમ્મદ મૂરારી,
બીજો બીજો નાં આવે સાથરે, મહમ્મદ મૂરારી. ૫

હતું નહિ ત્યાં તે સમે, વિનાં નબી રહેમાન,
હું જમુ તમ સાથમાં, એવું હતું ફરમાન રે. મ૦
કરો કરો તમો વિચારરે, મહમ્મદ મૂરારી,
કહ્યું કહ્યું હું, તે કિરતારરે, મહમ્મદ મૂરારી,
જમ્યા જમ્યા તે એ, સરદારરે, મહમ્મદ મૂરારી,
જુએ જુએ નબી સરદારરે, મહમ્મદ મૂરારી. ૬

અંગુઠી દીઠી તે હાથમાં, હતી પોતાની જેહ.
જે સોંપેલી સિંહને, શંકટ વખતે તેહરે. મ૦

જાણી જાણી અંગુઠી આપરે, મહમ્મદ મૂરારી,
કેવો કેવો થયો આધાપરે, મહમ્મદ મૂરારી;
થયો થયો અતી ઉતાપરે, મહમ્મદ મૂરારી,
મને મને મુંઝાયા આપરે, મહમ્મદ મૂરારી. ૭

મએરાજેથી માવજી, આવ્યા મદીનાં માંયે,
અલી આવ્યા આપને, મળવાને તે જયાંય રે. મ૦
જોયું જોયું નબીયે ત્યાંયરે, મહમ્મદ મૂરારી,
દીઠી દીઠી અંગુઠી જયાંયરે, મહમ્મદ મૂરારી;
થયા થયા અચંબે ત્યાં એરે, મહમ્મદ મૂરારી,
માન્યા માન્યા અલી ને ત્યાંયરે, મહમ્મદ મૂરારી,

મહમ્મદ મનમાં માનીયું, અલી વિના નહિ કોય;
પરદામાંથી હાથતે, અલી તણો તે હોયરે. મ૦
વાત વાત છે પરગટ જાણુરે, મહમ્મદ મૂરારી.
ઉગ્યો ઉગ્યો તે જેવો ભાણુરે, મહમ્મદ મૂરારી;
પદ પદ એ રત્નની ખાણુરે, મહમ્મદ મૂરારી,
જાણે જાણે ચતુર સુજાણુરે. મહમ્મદ મૂરારી. ૯

અવનવો અવનીપતી, આદિનિરંજન જેહ,
મનુષ્ય દેહે આવીયો, અવની મધે તેહરે. મ૦
લીધા લીધા અનેક રૂપરે, મહમ્મદ મૂરારી,
થયા થયા અલીને રૂપરે, મહમ્મદ મૂરારી;

ચૌદ ચૌદ ભવનનાં ભુપરે, મહમ્મદ સૂરારી.
લીધું લીધું અરબ્બી રૂપરે, મહમ્મદ સૂરારી. ૧

સુગુણ રૂપે સરજિયા, મનુષ્ય રૂપે નુર,
એને જે ઓળખે નહિ, તે ઉડી જાસે જેમ તૂરરે. મ

કહ્યો કહ્યો ખરો એ ભેદરે, મહમ્મદ સૂરારી,
કહે કહે એ ચારે વેદરે, મહમ્મદ સૂરારી;
પડે પડે તે તેને છેદરે, મહમ્મદ સૂરારી,
પામે પામે તે અતી ખેદરે, મહમ્મદ સૂરારી. ૧

આલે આલે આવીઆ, અલી અલખ દાતાર,
આલે અમ્મર માનજો, અલખ અલીઅવતારરે. મ

જોડી જોડીને બન્ને હાથરે, મહમ્મદ સૂરારી,
માનો માનો ને મારા નાથરે, મહમ્મદ સૂરારી;
લેજો લેજો 'ખાકી'ને સાથરે, મહમ્મદ સૂરારી,
ઝાલો ઝાલો ને ખાકીનો હાથરે, મહમ્મદ સૂરારી. ૧

ૐ

પદ ૩

રાગ ગરબો ૩

લીધું લીધું મહમ્મદ નામરે, મનહર સૂરારી,
થયું થયું તે આજે કામરે, મનહર સૂરારી;

થઈ થઇ હૃદયમાં હામરે, મનહર મૂરારી,
જપું જપું તે આઠે જામરે, મનહર મૂરારી. (ટેક)

પીરાણામાં પરવર્યા, ઈમામશાહને ઘેર,
નર રૂપે નર નાથજી, કહું હું તેની પેરરે. મ૦

આવ્યા આવ્યા તે નકળંક નાથરે, મનહર મૂરારી,
જુએ જુએ તે સઘળો સાથરે, મનહર મૂરારી;
દીધો દીધો હતો કોલ હાથરે, મનહર મૂરારી,
હતા હતા સુદ્દિરદીન સાથરે, મનહર મૂરારી. ૧

પીર કબિર દીન પ્રેમથી, પળ્યા પિતાની સાથ,
અનંતનો વર આપીયો, મેલ્યો મુસ્તકે હાથરે. મ૦

દીધું દીધું હશનશાહ નામરે, મનહર મૂરારી,
રહ્યા રહ્યા ત્યાં તે શિર નામરે, મનહર મૂરારી;
કરે કરે કળાએ કામરે, મનહર મૂરારી;
એવા એવા તે શુંદિર શ્યામરે, મનહર મૂરારી. ૨

પીર કબિર દીન બોલીયા, સાંભળો મારા શ્યામ,
મળે નહિ બળ મુજમાં, હાલે નહિ મુજ હામરે. મ૦

જરા જરા વિચારો નાથરે, મનહર મૂરારી,
કેવો કેવો કેળવવો સાથરે, મનહર મૂરારી;
ભીડું ભીડું હું કેવી એ બાથરે, મનહર મૂરારી,
આવે આવે અનંત નહિ. હાથરે, મનહર મૂરારી. ૩

શાહોજીએ શિર ધર્યો, પીર કબિરન ને હાથ,

કોલ કર્યો તે પીરશું, આવું હું તમારે સાથરે. મ૦

થાશું થાશું તે આપણ જોડરે, મનહર મૂરારી,

થાશે થાશે અન્નંત કરોડરે, મનહર મૂરારી;

પુરા પુરા કરાવીશ કોડરે, મનહર મૂરારી,

બાંધો બાંધો અન્નંત નોમોડરે, મનહર મૂરારી. ૪

કેઈ પેરે આવશો? કેવાં કરશો કામ?

વદો વદો મ્મં નાથજી, આવે હૈયામાં હામરે. મ૦

કહે કહે કરૂણા ધામરે, મનહર મૂરારી,

રાખો રાખો ને હૈયે હામરે, મનહર મૂરારી;

પામો પામો પુત્ર ગુણધામ રે મનહર મૂરારી,

થાશે થાશે ઇમામશાહ નામરે, મનહર મૂરારી. ૫

તે તનથી તન પામશો, ત્યાગશો સરવે દુઃખ,

ઈમામશાહ ઘેર આવશું, દેશું તમને સુખરે, મ૦

દેજો દેજો મમ્મદ નામરે, મનહર મુરારી,

સોળે સોળે કળાએ સ્યામરે, મનહર મૂરારી;

વળી વળી યે કરશે કામરે, મનહર મૂરારી,

રૂડા રૂડા દિપાવે એ ધામરે, મનહર મૂરારી. ૬

કોલ કરીને આવીયા, પીર ઇમામશાહ ઘેર;

જાણો સરવે જુગતથી, એ છે તે સાચી પેરરે. મ૦

આવ્યા આવ્યા પીરાણે ગામરે, મનહર મૂરારી,
રચ્યું રચ્યું રૂડેરૂં ધામરે, મનહર મૂરારી,
સાચા સાચા શિરોમણી સ્યામરે, મનહર મૂરારી,
જુવે જુવે જગત તમામરે, મનહર મૂરારી. ૭

વળી કર્યો તો વાયદો, છટ્ઠીને જે દિન,
પંજો લેશું પ્રિતથી, તેજ હમારૂં તન્નરે. મ૦

તેવો તેવો કર્યો છે તોલરે, મનહર મૂરારી;
રાખ્યો રાખ્યો પોતાનો બોલરે, મનહર મૂરારી;
છટ્ઠી છટ્ઠી થઇ અમુલરે; મનહર મૂરારી,
લીધો લીધો પંજો અતોલરે, મનહર મૂરારી. ૮

આવ્યા અહિં અવનીપતી, જાણે જવરલા કોયે,
વેદ વિચારે ભેદથો, સાથે તે સતગુરૂ હોયરે. મ૦

નથી નથી બીજો હવે કાંએરે, મનહર મૂરારી,
આવ્યા આવ્યા અખંડ જે આંહીરે, મનહર મૂરારી,
હતા હતા જે ઇરાનની માંહીરે, મનહર મૂરારી,
રહ્યા રહ્યા પીરાણા માંહીરે, મનહર મૂરારી. ૯

લોક કરે છે વાયદા, જુઠા કરે છે જોડ,
છેદે ભેદે વાણીયે, હાંકી બેડા છે હોડરે. મ૦

એવા એવા વચન અપારરે, મનહર મૂરારી,
કહેતાં કહેતાં નાં પામે પારરે, મનહર મૂરારી;

સોધો સોધો તે વેદનો સારરે, મનહર મૂરારી,
તો...તો... પામો તમે ભવ પારરે, મનહર મૂરારી. ૧૦

વાણી જેવી વેદમાં, વાંચી જોઇ આંખ,
ખાકી કહે છે ખંતથી, સાચી દે છે સાખરે. મ૦

મારે મારે જે પુરણ પાંચરે, મનહર મૂરારી,
નાવે નાવે તેને ઉનીઆંચરે, મનહર મૂરારી,
જુઠો જુઠો નાચે જગ નાંચરે, મનહર, મૂરારી,
જુવો જુવો તે વેદ ને કાંચરે, મનહર મૂરારી. ૧૧

ઢાંગી બેઠા ધુતવા, કરીને ખોટા ખેલ,
ભોળા ભરમાવે ભૂતડા, મથે મેળવવા મેળરે. મ૦

નમો નમો જઇ ગુણ ધામરે, મનહર મૂરારી,
જેનું જેનું મહમ્મદ નામરે, મનહર મૂરારી;
આવ્યા આવ્યા પીરાણે ગામરે, મનહર મૂરારી,
એછે એછે 'ખાકી'નાં સ્યામરે મનહર મૂરારી. ૧૨

ૐ

પદ ૪

રાગ ગરબો ૪

વારી વારી તમારે નામરે, પીરશાર પ્રેમધારી,
સુનું સુનું લાગે ઘરગામરે, પીરશાહ પ્રેમધારી;

વ્હાલું વ્હાલું મને એક નામરે, પીરશાહ પ્રેમ ધારી,
જપું જપું હું આઠો જામરે, પીરશાહ પ્રેમધારી. (ટેક)

સુલતાનમાં મેળો કર્યો, પુત્ર પિતાની સાથ,
શાકર માળા મેળવી, મૃત પિતાની હાથરે. પી૦

વળ્યા વળ્યા ઈરાનની વાટરે, પીરશાહ પ્રેમધારી,
મળ્યા મળ્યા તે શાહની જાતરે, પીરશાહ પ્રેમધારી;
દીધો દીધો શાહે એક કોલરે, પીરશાહ પ્રેમધારી,
આવું આવું તમારે હું મોહોલરે, પીરશાહ પ્રેમધારી.૧

શાહોજીએ મોકલ્યા, સરગ જોવાને માટ,
કુંચી દીધી કારમી, બેસારીને તે પાટરે. પી૦

વળ્યા વળ્યા વાટેથી પીરરે, પીરશાહ પ્રેમધારી,
સાથે લીધા તે ચંદન વિરરે, પીરશાહ પ્રેમધારી,
ગયા ગયા વૈકુંઠ તીરરે, પીરશાહ પ્રેમધારી,
જોયા જોયા ધરીને ધીરરે, પીરશાહ પ્રેમધારી. ૨

વળ્યા વૈકુંઠથી વાલમાં, આવ્યા ઉચ્ચને દેશ,
જોગીનમાવ્યાજુગતથી,ટાળ્યોવૈરાગીનો વેશરે પી૦

વહ્યા વહ્યા ગુજરાતની વાટરે, પરશાહ પ્રેમધારી,
આવ્યા આવ્યા સાબરને ઘાટરે, પીરશાહ પ્રેમધારી,
રોકી રોકી વારીએ વાટરે, પીરશાહ પ્રેમધારી,
આડી આડી નિજામાંની જાતરે, પીરશાહ પ્રેમધારી. ૩

હુકમ કર્યો હાજર બેગને, ગાડી નાંખો નીર,
પલક એકમાં પરવર્યા. ગોરજી સામે તીરરે. પી
જુવે જુવે વિકાશી મુખરે, પીરશાહ પ્રેમધારી,
જાગ્યું જાગ્યું નિજમાંને દુઃખરે, પીરશાહ પ્રેમધારી;
દોડયો દોડયો મેળવવા સુખરે, પીરશાહ પ્રેમધારી,
જોવા જોવા તે ગોરનું મુખરે, પીરશાહ પ્રેમધારી. ૪
પીરજી પંડે પરવર્યા, ગયા ગીરમતે ગામ;
હાજર બેગ હજુરમાં, હેયે તે મોટી હામરે. પી૦
ગયા ગયા પટેલની પાસરે, પીરશાહ પ્રેમધારી,
આપો આપો ને હમને ઘાંસરે, પીરશાહ પ્રેમધારી;
બોલ્યો બોલ્યો નાખી નિસ્વાસરે, પીરશાહ પ્રેમધારી,
મૂકો મૂકો ચરાની આશરે, પીરશાહ પ્રેમધારી. ૫
સાત વરસથી સામટો, વર્ષ્યો નહિ આવાર,
આશ તજો ને ઘાંસની, સમજોને સમજણહારરે. પી૦
હોય હોય સાચો તમ પીરરે, પીરશાહ પ્રેમધારી,
લાવે લાવે ધરાએ ધીરરે, પીરશાહ પ્રેમધારી;
જોશું જોશું આંખે હમો નીરરે, પીરશાહ પ્રેમધારી,
દેશું દેશું ચરો મારા વીરરે, પીરશાહ પ્રેમધારી. ૬
હાજરબેગે હજુરમાં, વિનવી સઘલી વાત,
વારી ત્યાં વરષાવિયો, મોડી તે માઝમ રાતરે. પી૦

ટાળ્યા ટાળ્યા ત્યાં સરવે ના દુઃખરે, પીરશાહ પ્રેમધારી,
ભાંગી ભાંગી ત્યાં અતી ભૂખરે, પીરશાહ પ્રેમધારી;
દીધું દીધું અતી ત્યાં સુખરે, પીરશાહ પ્રેમધારી,
ટાળ્યું ટાળ્યું ત્યાં કાળનું દુઃખરે, પીરશાહ પ્રેમધારી. ૭

બંધાવવા ત્યાં વન વિષે, દીઠ શું દિર જાગ,
ધામ અતીશે ઓપતું, ચારે તે યુગનો લાગરે, પી૦
જાણ્યું જાણ્યું અતીશે નામરે, પીરશાહ પ્રેમધારી,
આવ્યો આવ્યો સુલતાન જોવા ધમરે, પીરશા પ્રેમધારી
ખોટી ખોટી ધરી મન હામરે, પીરશાહ પ્રેમધારી;
કર્યા કર્યા તે કુડાકામરે, પીરશાહ પ્રેમધારી; ૮

પરછા અતીશે પુરીયા; શાહ સમજ્યો તે વાર,
દીકરી દીધી તે શમે, આદ્દ શક્તિ અવતારરે; પી૦
વર્યા વર્યા ત્યાં તો કિરતારરે, પીરશાહ પ્રેમધારી,
નર મહમ્મદશાહ અવતારરે, પીરશાહ પ્રેમધારી;
અન્નંત અન્નંતના સરદારરે; પીરશાહ પ્રેમધારી,
કર્યો કર્યો કળયુગમાં વ્યવહારરે; પીરશાહ પ્રેમધારી; ૯

મોહમાયા એ જોગણી, આદશકિત અવતાર,
બુજરૂક બેગમ મહાબલી;કલિયુગની દાતારરે.પી૦
આવ્યા આવ્યા પીરાણે ધામરે, પીરશાહ પ્રેમધારી,
થયું થયુંઅન્નંતનું કામરે; પીરશાહ પ્રેમધારી. ૧૦

જપે જપે યુગ આઠો જામરે; પીરશાહ પ્રેમધારી.
થાશે થાશે તે તેનાં કામરે, પીરશાહ પ્રેમધારી ૧૦

હરિ વંશએ ઓળખાવીયો; જે વેદપુરાણે સાખ;
ગોતે જ્ઞાની જ્ઞાનથી, જુવે જ્ઞાનની આંખરે. પી૦

વેદે વેદે વખાણિયો વંશરે, પીરશાહ પ્રેમધારી,
તે તો કહેવાય હરિનો વંશરે, પીરશાહ પ્રેમધારી;
ભૂલ્યો ભૂલ્યો જે જુગમાં અંશરે, પીરશાહ પ્રેમધારી.
થાશે થાશે તેનો અતી ડંસરે, પીરશાહ પ્રેમધારી. ૧૧

સેવ્યા સરજણ હારને, જો સેવ્યો, હરિનો વંશ,
વંશે વંશે આવતર્યો, કરવા કળીનો ડંશરે. પી૦

કહે કહે 'ખાકી' અવારરે, પીરશાહ પ્રેમધારી;
સેવો સેવો ખરો સરદારરે, પીરશાહ પ્રેમધારી;
તો...તો...ઉતરશો ભવપારરે, પીરશાહ પ્રેમધારી,
સાચી સાચી વાણી આસારરે, પીરશાહ પ્રેમધારી. ૧૨

ૐ

પદ ૫

રાગ ભજન

એક ધ્યાન ધણીનું ધરવું, બીજુ સાને ઓચરવું.
વેદ કહે તેમ કરવું; એક ધ્યાન ધણીનું ધરવું. ટેક

એક મનની છે આંટી, કાયા થાશે અંતે માટી,
ઉતરવી છે વસમી ઘાંટી. —એક ધ્યાન. ૧

દુઃખ ઘણા સાને ધરવા, આવા આડા અવળા કરવા
પાપે પેટ જ ભરવા. —એક ધ્યાન. ૨

એક હરણાકંશ હત્તભાગી, જેણે જોયું નાહિ જાગી,
એણે મોત લીધું માગી —એક ધ્યાન. ૩

પ્રહેલાદનાં પ્રતાપે, પ્રગટયા નૃસિંહ આપે,
પામ્યો દર્શન પુત્ર પ્રતાપે. —એક ધ્યાન. ૪

રાવણ સરખો રાએ, એને રોળયો રણની માંએ,
ભભિક્ષણને ભકિભ ભાએ. —એક ધ્યાન. ૫

ભાઇ ભાગ્યે દર્શન પામ્યો, દુઃખડા સર્વે વામ્યો,
જસ ઘણેરેરે જામ્યો. —એક ધ્યાન. ૬

મથુરાંનો જે નરેશ, તેના ગૃહ્યા કૃષ્ણે કેશ,
લાજ રાખી નહિ લવ લેશ. —એક ધ્યાન. ૭

ગોપ ગોવાલણુનામી, હેતે હરીને પામી,
રહી હરિને તે શિશ નામી. —એક ધ્યાન. ૮
ભુક્ષા રૂપ ધરીને આવ્યા, પાંડવ પ્રતે પ્રેમજ લાવ્યા,
દુઃખ દાસનાં અંતરે આવ્યા —એક ધ્યાન. ૯
રૂપ દશમું ધણીયે ધરીયું, નામ ન કલંક આપે કરીયું,
કમળા કુંવરનું કુળ તરિયું. —એક ધ્યાન. ૧૦
'ખાકી'દાસ તમારો જાણી, એને લેજો શરણમાં તાણી,
મહમ્મદ વાણિ ભણાણી. —એક ધ્યાન. ૧૧

ૐ

પદ ૬

રાગ ભજન ગઝલની છાયા

મુસાફિર કરો સાથ સારો સફરનો,
ગમેથી તો ગુરૂ ગોતો ગુરૂ અમ્મર નગરનો. ટેક
કપટ લોભ કીનો નાંરાખે જે ચિત્તમાં,
વળે વર્તિ જેની ન વિપત્તિ કે વિત્તમાં. ૧
રહે સુખમાં જે સદા સર્વે દાનું.
પ્રતાપી જે હોયે પ્રગટ જેમ ભાનું- ૨
રવી ઉગે રજની ટળે એકે વારે,
જ્ઞાને કરી ચિત્ત વૃત્તીને મારે. ૩

માયા મોહ મેલી મેલાવે જે જ્ઞાને,
સદા સર્વદા વાત સર્વેજ માને. ૪
એવી સંગતે રંગ લાગ્યો છે જેનો,
જઈ પ્રેમથી પગ ઝાલોને તેનો. ૫
દયા દાનને દિનતા જેને વ્હાલી,
કરે સહાએ તેને સદા વનમાલી. ૬
પૂરા પ્રેમથી પાઠ જે આ ભણે છે,
અરે અંતરે આપ એકજ ગણે છે. ૭
સફરનો આ સોદો જરા મન વિચારો.
કરી ખાંત તેને જે લેવાને ધારો. ૮
જેણે આ વસાણું જ ઓયું છે જુગમાં.
અતી બળ તેને રહેછે જ પગમાં. ૯
ડરો નહિ દિલમાં જરા આ જુગતથી,
થશે લાભ પૂરો કપટની મુગતથી. ૧૦
કરે શિશ સારું ખરે દિલ રાખી;
તું પડ પાએ તેને અરે ભાઈ 'ખાકી'. ૧૧

■

ૐ

પદ ૭.

રાગ ભજન ગઝલની ચાલમાં

અરે ઓ મુસાફર જરા દિલ ધારો,
પ્રમાદે ખરે પિંડ થાએ અકારો. ટેક
ચરણ ચાલવાનું જેણે મન ધાર્યું,
વળે કેમ તે તો મહા કષ્ટે વાર્યું. ૧
પૂરે પ્રેમથી પંથ કરજો જ પૂરો;
રખે આળશે રાખતા તે અધુરો. ૨
જગત માંહી રહેવું જેવો રાત વાસો,
લાગે પ્રેમ જેનું પડે તેને પાસો. ૩
રહે ધર્મશાળે કે કોઇ ઉતારે,
તેથી પ્રેમ કાંઇ નાં પુરો વધારે. ૪
હોય વાટમાં સંગ ઘણા જન સાથે,
ઓજો વેઠનો હોય ભારેજ માથે. ૫
થતો પંથનો અંત જેનો જ જ્યારે,
રહે છે તે ઠામે દયા દિલનાં ધારે. ૬
છોડી સંગને થાએ છે સૌ અળગા,
જઇ પોત પોતાની વેઠને વળગ્યા. ૭

નથી મનમાં કોઇને કાંઇજિ માયા,
ગયા પોતપોતાને પંથે જ વાહ્યા. ૮
તેવું આ કુટુંબને કબીલો જ જાણો.
તમે હેત તેથી નાં અંત્તરે આણો. ૯
પછી મેહલ મોહેલાત કે ઘરવાડી,
તને આખરે મેલશે દૈવ કાડી. ૧૦
સદા સર્વદા પ્રિત સાચીજ કરવી,
વળી વરતી સાચી સદા 'ખાકી' ધરવી. ૧૧

ૐ

પદ ૮

રાગ ભજન ગઝલની ચાલમાં

મુસાફર કરો ઠાઠ સરવે સફરનો
નથી કોઇ સાથીયાં અમર નગરનો. ટેક
મળી મેદની સર્વે ખાવાને તુજને,
કોઇ માંગશે ધન કોઇ માલ મુજને, ૧
સ્વાર્થિ આ સારો નથી કોઈ તારો,
અરે આ અકારો જગ્ત છે વિચારો. ૨
કુટુંબને કબીલો ભારે ખુબ ભાણું,
સજી સાજને ખુબ ગાએ છે ગાણું. ૩

પુરે પેટથી ખુબ ખાએ છે ખાણું,
વળી માન મેલીને માંગે છે નાણું. ૪

જુઓ આ જગતધારો કેવો છે ન્યારો,
પડે પાસમાં પ્રેમથી પોતે પ્યારો. ૫

ભૂલી ભાન ભવમાં ભમે ખુબ ભારી;
જુઓ આ જગતમાં જરાની સવારી. ૬

વયો વૃદ્ધ થઇને મહા દુ:ખ વેઠે,
થઈ અંધને પાસમાં પોતે પેઠે. ૭

જગત બાજીને જુગતથી રે રમે છે,
ખરો ખેલ ખેલી ગુરૂને ગમે છે. ૮

પડો પાએ પંડે ગુરૂ પગ ઝાલી,
વળી વહેલો મળશે તને વનમાલી. ૯

લાખો લેખે લેખા આહી નાંહી કરવા,
ફેરે ફેરામાં કાંચોરાશીનાં ફરવાં. ૧૦

ધર્યો દેહ કેવો મનુ જન્મ ભારી,
પડી ભવમાં ને કર્યો છે અકારી. ૧૧

સફર છે આસારી કરોને વિચારી,
રખે રાખતા આપજો એને હારી. ૧૨

સજો સેજ સુખમન મહાપદ પામો;
જઈ સુનમાં ને મહાંસુન જામો. ૧૩

તેથી આગળે ધ્યાન રાખોને સાચું,
મળે મેળ તેથી જ રાખો ન કાચું. ૧૪
ધરો ધ્યાન તેનું જે વેદે કહ્યું છે,
સદા સર્વદા સંતોએ જે લહ્યું છે. ૧૫
કહે 'ખાકી' વોહોરો જગતનું વસાણું,
નકાં પામશો અંતમાં મોટી હાણું. ૧૬

ૐ

પદ ૯

રાગ ભજન ગઝલની ચાલ

મુસાફર સફર કરજે તું નિત્ય સારી,
રહે જેમ જનમાંહે કિર્તિ તમારી. ટેક
રખે ભૂલતો તું ધરમ ધીર તારી,
કરમ કર્મનાં તું કરે તે વિચારી. ૧
જગત બાજી જેવી રમે છે જુવારી.
રખે દ્રવ્ય લોભે જતો તું જો હારી. ૨
રચી છે આ રચના રચાવન હારે,
થશે સુખ તો જો રમે આપહારે. ૩
ખરે દ્રવ્ય લોભે ભૂલ્યો જગતભારી,
જીવો તેનું જો જે જગતજુઠ સારી. ૪

મલી છે આ માયા પ્રારબ્ધ જોગે,
જુગત જુગતથી તેજ કરશે વિજોગે. ૫

કરો સેવના શુદ્ધ સાચે સદાજી,
રહે કીર્તિ જેથી જગત માંહે ગાજી. ૬

ધરી ટેકને ભક્તિ કરજે સદાતું,
ભરી ભાવના એ મદદ માંગજે તું. ૭

મદદ એક જેની રચી સૃષ્ટિ સારી,
કવિ કો વિદો ગાયે પદ બંધ ભારી. ૮

રચી નભ ને માંહે જડિયા છે તારા,
છે એ જગતમાં થાએ ક્ષેણુ ન ન્યારા. ૯

રચી ખાણ ચારે જીવા જંત સાથે,
કર્યો વાસ તેમાં તે નકલંક નાથે. ૧૦

પોસે પ્રેમથી તે જગત જીવ સારા,
વલીભુલશે કેમ એ વિશ્વધારા. ૧૧

રૂપેરૂપ ન્યારા રચ્યા જેણે જગમાં,
નથી મારો તારો કે એકજ વગમાં. ૧૨

છે એ સર્વનીમાં સદા એક સરખો,
ધરી પ્રેમને તેને નિતીથી નિરખો. ૧૩

રળો જેટલું ધન નિતિની સાથે,
ખરો ભાગ તેનો તું દેજે જ હાથે. ૧૪

કરી પ્રાર્થના પાએ પડજે તુ પ્રિતે,
પૂરે પ્રેમથી પાઠ કરજે તું નિતે. ૧૫
ધરી રૂપને આજ જુગમાંહીં આવ્યા,
પ્રથમજે પરિબ્રહ્મ પોતેજ કાવ્યા. ૧૬
જેના નુરથી આ રચી સૃષ્ટિ સારી,
ગતી જગતનિ અંતે એમાં થનારી. ૧૭
અલી એજ પોતે ધરી રૂપ આવ્યા,
કરોડી અનંતુનો એ વર લાવ્યા. ૧૮
તેનું આજ મહંમદ શાહ નામ ભણીયે,
જરા ભીનતા દ્દિલ અંદ્દર નાં ગણીયે, ૧૯
કહે 'ખાકી' છે જગતનો એજ ધારો,
અરે ભાઇ જીવા જરા મનમાં વિચારો. ૨૦

ૐ

પદ ૧૦ મું

રાગ ભજન ચલતીનું ૧.

હું તો ભુલી મારા ભવનું રે ભાન,
સદ્દગુરૂ શબ્દે હો સખીરે; હું તો ભુલી.—ટેક
લેહપીરશાહની લાગી મુનેરે હાં,
તેમાં ભુલી સંસારિયાનું માન, સદ્દગુરુ—૧

સુર્તાલાગીમારી, સદ્દગુરૂ વચને રે હાં,
મને પાયો તે અમીરસપાન. સદ્દગુરૂ–૨

પીયાલો પાઈ મારી સુદ્ધ બુદ્ધલીનીરેહાં,
મારૂં ભુલાવ્યું માયા કેરૂં ભાન. સદ્દગુરૂ–૩

વિચીત્ર કરી મુને, ચિત્ત મારૂં ચોર્યું રે હાં,
મારૂં સર્વ સતે માર્યું રે માન. સદ્દગુરૂ–૪

ગંગા યમુનાને વ્હાલા સરસ્વતી રેવારે હાં,
મારે તેમાં શું કરવું રે સ્નાન? સદ્દગુરૂ–૫

સદ્દગુરૂ ભેઠયા વિના, મુક્તિ ન હોવે રેહાં,
મને ભેઠયા અનાદીનારે શામ. સદ્દગુરૂ–૬

ગત તમારીમાં, નિશ દિન રહેવું રે હાં,
જ્યાં છે તેત્રીસ કરોડીનું ઠામ. સદ્દગુરૂ–૭

ફીફી તે બાઈની વ્હાલા અરજ સુણી રે હાં,
મલીયા મુજને તે ગોરઈમામ, સદ્દગુરૂ–૮

એવી એવી વાણી તે દાસની રે હાં,
લેજો 'ખાકીની' શેવા તમે માન. સદ્દગુરૂ–૯

ૐ

પદ ૧૧.

રાગ ભજન ચલતીનું ૨.

હું તો ભૂલી, મારી હૈયા કરી હામ,
સદ્‌ગુરૂ સંગે હો સખીરે, હું તો ભુલી. (ટેક)

એક એક વેણે મારૂં, ચિતડું ચોર્યું રેહાં,
મારું તોડયું માયાનું રે માન. સદ્‌ગુરૂ સંગે. ૧

મનડું તે માર્યું મારું ચિતડું તે ચોર્યું રે હાં,
ફરી કીધી શામળીયે મુજને સાન. સદ્‌ગુરુ સંગે–૨

કલ્પ કથાઓ મારી, સર્વે તોડાવીરે હાં,
મુજને મળિયો સાચેરો રૂડો સામ; સદ્‌ગુરુ સંગે–૩

ભટકણ ભાંગી મારી ભવનીતે ભૂલોરે હાં,
કાપ્યું કાપ્યું કલેશને કામ. સદ્‌ગુરુ સંગે–૪

મમતા મેલાવી મારી માયા તે નાદની રે હાં,
જપું જપું તને હું આઠો જામ. સ૦– ૫

કપટ સગળું મારું કળાએ કાપ્યું રે હાં,
દીધું દીધું સાચેરું પીર શાહ નામ. સ૦– ૬

મુજને મલીયા છે વહાલા જુગનાતે જોગી રે હાં,
જેણે કીધા કરોડુંના કામ. સ૦– ૭

પ્રહેલાદ પાળ્યો જેણે, હરણા, કંશ માર્યો રે હાં.
કરશે કુંવર કમળાનાં કામ. સ૦— ૮
આશધરી છે તેની, તે જુગમાં રે હાં,
મીઠું લાગે રૂડેરૂં મહમ્મદ નામ. સ૦— ૯
પીર ઈમામશાહનાં પુત્ર પનોતા રે હાં,
તેતો વશિયા, પીરાણે રુડે ગામ. સ૦— ૧૦
'ખાકી'ના સ્વામી તેતો, શુગુણશામળિયારે હાં,
લેજો લેજો અરજ મારી માન. સ૦— ૧૧

ૐ

પદ ૧૨

વિવેકવૃત્તિનો સંવાદ

રાગ. રાધાકૃષ્ણુ ગોપી વિવાદનો, (ઉભીરેને બ્રિજની નારી.)

વિવેક—

વિવેક જોગી આસનવાલી, શુદ્ધ કરે વિચાર;
તે સમે તે આસનમાં નજરે દીઠી નાર.
ચાલીજા નારઠગારી, મારું મઠ કરને ખાલીરે;
સંન્યાસીનાં મઠમાં નારી, ઉભી નવ લાગે સારીરે.૧

વૃત્તિ–

કાલનાં જોગી જટાવાલા, મુખે ચોલી રાખ;
પેટ ભર્યાનાં અમેઅપોહોચિયા ત્યારેઝોલીનાખી કાખ.
જોગીડા તું બેસને હેઠો, મોરે ઘેર કયાંથી પેઠોરે.
તારોસંગનાંઆવેઘાતે,ચાલ્યો જાને પાધરીવાટેરે.૨

વિવેક–

કોણ તારો તાત છે ને કોણ છે તારી માત ?
કોણ તારી જાતડીને ? શું છે તારૂં નામ !
ચાલી જા નાર ઠગારી, મારું મઠ કરને ખાલીરે;
સંન્યાસીના મઠમાંનારી, ઉભી નવ લાગે સારીરે–૩

વૃત્તિ–

ચિત્તમારો તાત છે ને, વૃત્તિ મારું નામ.
પ્રર્વતી માતાને ઓદરે આવી, શું છે પુંછયાનું કામ.
જોગીડાતું બેસને હેઠો, મારે ઘેર કયાંથી પેઠો રે;
તારો સંગ નાવેઘાતે, ચાલ્યો જાને પાધરી વાટેરે. ૪

વિવેક–

ચિત્ત વૃત્તિનું તું જ નમી ત્યારે તાતને દીધું દુઃખ,
વિષ્ય સંગાતે ભોળવ્યો તે, હજી ના પામ્યો સુખ.
ચાલી જા નાર ઠગારી, મારું મઠ કરને ખાલીરે;
સંન્યાસીનાં મઠમાંનારી,ઉભી નવલાગે સારીરે.૫

વૃત્તિ–

સિદ્ધ થઇને આજે બેઠો, મૂળ તારૂં સંભાળ;
કોનેકુળે તું અવતર્યો, તે કહી દે સાચો સાર ?
જોગીડા તું બેસને હેઠો, મારે ઘેર કયાંથી પેઠોરે ?
તારો સંગનાં આવેધાતે, ચાલ્યો જાનેપાધરીવાટેરે.

વિવેક–

મનરાએનો પુત્ર હું તો, વિવેક મારૂં નામ,
નિવૃત્તિ માતાને ઓદરે આવી, સૌના પુર્યાં કામ.
ચાલી જા નાર ઠગારી, મારૂં મઠ કરને ખાલીરે;
સંન્યાસીનાં મઠમાં નારી, ઉભી નવ:લાગે સારીરે.

વૃત્તિ–

કાલનાં જોગી જટાવાલા, વિચારીને બોલ;
મોટી બોન તાએલી તેનું, નથી રાખતો તોલ.
જોગીડા તું બેસને હેઠો, મારે ઘેર કયાંથી પેઠોરે ?
તારો સંગ નઆવે ધાતે, ચાલ્યો જાનેપાધરી વાટેરે.

વિવેક–

સમજ્યા વિનાની સીદને તું; ધરે છે મોટૂં માન;
તારે સંગે જે રમ્યા, તે થયા બહુ હેરાન.
ચાલી જાને નાર ઠગારી, મારૂં મઠ કરને ખાલીરે
સંન્યાસીનાં મઠમાં નારી, ઉભી નવ લાગે સારીરે.

વૃત્તિ–
મુખનાનુંને બોલે મોટા, વિચારીને બોલ;
હાથ ઝાલીને હમણા કાઢું, ઉતારૂં તારો તોલ.
જોગીડા તું બેસને હેઠો, મારે ઘેર કયાંથી પેઠોરે?
તારો સંગનાં આવેઘાતે,ચાલ્યો જાને પાધરી વાટેરે. ૧૦

વિવેક–
ભાર વિનાની ભૂંડૂં બોલે, ભોળવી સારી જહાન,
પલક એકમાં પરલેથાશે, માંગે તે સેના માન.
ચાલી જા નાર ઠગારી, મારૂં મઠ કરને ખાલીરે;
સંન્યાસીનાં મઠમાં નારી, ઉભી નવ લાગે સારીરે. ૧૧

વૃત્તિ–
ભોળવી યુગને ભારે ભમાવું, લેવે નહિ તુજ નામ;
ચરિત્ર મારા પૂરા દેખાડું; કહાડું હું તારૂં કામ.
જોગીડાં તું બેસને હેઠો, મારે ઘેર કયાંથી પેઠોરે?
સંન્યાસીનાં મઠમાં નારી, ઉભી નવ લાગે સારીરે. ૧૨

વિવેક–
જેને મળશે સદ્‌ગુરૂ સાચા, થઇશ ત્યાં હેરાન;
લાજ જશે તારી રાંખમાંને, કાપશે તારા કાન.
ચાલી જા નાર ઠગારી, મારું મઠ કરને ખાલીરે;
સન્યાસીના મઠમાં નારી, ઉભી નવ લાગે સારીરે. ૧૩

વૃત્તિ–

વણ વિચાર્યું શિદને બોલે, જબરું મારું કામ;
હામ ભીડી છે હયા માંહે, નવલેવા દઉનામ.
જોગીડા તું બેસને હેઠો. મારે ઘેર કયાંથી પેઠોરે!
તારો સંગનાં આવે ધાતે,ચાલ્યો જાને પાધરી વાટરે.૧૪

વિવેક–

સદ્ગુરુ સાચા; નવ હોય કાચા, કરસે તુજને ગુલામ;
બાંદી કરી તુને જુગમાં ફેરવે, ત્યારે કરીશ સલામ.
ચાલી જા નાર ઠગારી, મારું મઠ કરને ખાલીરે;
સન્યાસીનાં મઠમાં નારી, ઉભી નવ લાગે સારીરે. ૧૫

વૃત્તિ–

પલક એકમા પરલે કરું, હૈયે જે હોય હામ;
ગુરુ ગુરુ તું શું કરે ? ઠરે નહિ જરા ઠામ.
જોગીડા તું બેસને હેઠો, મારે ઘેર કયાંથી પેઠોરે ?
તારો સંગ ના આવે ધાતે, ચાલ્યો જાને પાધરી
વાટે રે. ૧૬

વિવેક–

પ્રતાપ તારો જાણ્યો, મેં તો છાનીમાનિ બેસ,
ઉકચડે તુને નાખી દેશે, જેમ ખાટી હોય ઘેંસ.
ચાલીજા નાર ઠગારી, મારૂં મઠ કરને ખાલીરે;
સન્યાસીનાં મઠમાં નારી;ઉભીનવલાગે સારીરે.૧૭

કર્ત્તા–
બળ અતીશે વૃત્તિ કેરું, 'ખાકી' કહે પોકાર,
વિવેક વેરે ચાલવું, તેતો ખાંડા કેરી ધાર.
જોગીડા તું બેસને હેઠો, મારે ઘેર કયાંથી પેઠોરે !
તારો સંગ નાં આવે ધાતે, ચાલ્યો જાને પાધરી
વાટે રે. ૧૮
મુનિવર સાચા જેહશે જુગમાં, ટાળશે વૃત્તિ તેજ;
વળી વળી કહે 'ખાકી' તુજને, સાચી વાણી એ જ.
ચાલી જા નાર ઠગારિ, મારું મઠ કરને ખાલીરે;
સન્યાસીના મઠમાં નારી, ઉભી નવ લાગે સારી રે. ૧૯

ૐ

પદ ૧૩.

રાગ ગરબી સૈયર સિદને ઓ લાવી મુજને સાસરેરે

મુને પ્રિતડી લગાડી મારે માવલેરે,
હું તો વળગી છું. તારે પાવલેરે. ટેક
સખી પહેલા સંદેશો મુને મેલીયોરે,
અતી રંગે રસીલે રેલીયોરે. મુને ૧
અતી પ્રેમપ્રિતમ મુને પાલતારે,
સખીશંકટ સરવે કાપતારે. મુને. ૨

મારી પ્રેમસર શરીર મારૂં વિંધિયું રે,
ચારી ધારી રગે રગ ચીંધિયું રે મુને. ૩
દયા ધારી અતી દાસ ઉપરેરે,
તારી બેડી મારી જલ ઉપરેરે. મુને. ૪
આજે એવા કઠોર થયા કેમ છોરે ?
મારે વાંકે થયા શું એમ છોરે ? મુને. ૫
વાલા આપને ઘટેનાં એવું કરવું રે,
તારા બળે છે મારે તરવું રે. મુને. ૬
દયા દાસનાં ઉપરે જરા ધારજોરે,
પડે શંકટ સરવે નીવારજોરે મુને. ૭
મારા દોષ ઘણા છે કહું કે કનેરે,
તેતો વિદિત સરવે તું કનેરે. મુને. ૮
વહાલા વિયોગ હવે તો ઘણો પડયો રે,
ગોતું મારગ એકે નવ જડયોરે. મુને. ૯
દોરિ દાસની તાણો તુજ હાથમાંરે,
ભીંડો પાસે બોલાવી બાથમાંરે. મુને. ૧૦
દોષ જોશો તો મારા અતી ઘણારે,
જેવા વેળુ માહેલા રજકણારે. મુને. ૧૧
કહું કોને કથા તે મારા કર્મની રે,
લખી લેલાટે લેખની પ્રમનીરે, મુને. ૧૨

એવું કરવું ઘટે ના દિનાનાથનેરે,
લાગે લંછન વ્હાલા તુજ હાથનેરે. મુને. ૧૩
હવે ઉગારો ગોર મુજ અંધનેરે,
હોય અવળા છોડાવો ધંધનેરે. મુને. ૧૪
કલિયુગનાં સ્વામી તમે કાવિયારે,
છેલી સંધે મહમ્મદ આવિયારે. મુને. ૧૫
પીર ઇમામશાહ બાપ આપનારે,
એ છે દાસ 'ખાકી'ની જાપનારે, મુને. ૧૬

ૐ

પદ ૧૪.

રાગ ગરબી ૨

પીર ઇમામ શાહ પધારિયારે,
ક્રોડી અનંત આપે તારીયારે. ટેક
વ્હાલા વિષ્ણુથી વરતે પામિયારે,
જુગજીવન જુગતે જાણિયારે. પીર ૧
હિમપુર શોભાવ્યું મારે સાવલેરે;
હમે વલગ્યા તે તારે પાવલેરે, પીર ૨
સ્વામી યુગો તે યુગનાં નાથ છોરે,
દેવા કલયુગે આવ્યા સાથછોરે. પીર ૩

વ્હાલા રૂપ ને બ્રહ્મ સોહામણું રે;
નાથ નામી અનામી તમને ગણું રે. પીર ૪

વ્હાલા રૂપ અનેક અપારથી રે,
થયા સત્ય ધરમનાં સારથી રે. પીર ૫

અનેક ગુણે ભર્યા ભરપુર છોરે,
કલિયુગના સ્વામી તે હજૂર છોરે. પીર ૬

દાસ'ખાકી'ની વિન્નતી એટલીરે,
તારો સ્વામી છે,સૃષ્ટી જેટલીરે. પીર ૭

ૐ

પદ ૧૫.

રાગ ગરબી

ગુણ ગાવાતે યુગમાં આવીયોરે,
મારા શ્વામીને મન હું ભાવિયોરે. ટેક

સ્વામી મારો પધાર્યા પ્રેમથી રે,
કોડી અન્નંત ના તે નેમથીરે. ગુણ ૧

કલિયુગના તે સ્વામી ઓપતારે,
નુરે નામે મહંમ્મદ શોભતારે. ગુણ ૨

યુગ ચારે રમ્યો દશ રૂપથીરે,
તાર્યા અનેક મુની ભવ કુંપથી રે. ગુણ ૩
આજ કઠણ વેળાના કાળમાં રે,
રૂપ અરૂપ રહ્યા મારા વાલમાં રે. ગુણ ૪
ચારે વેદ તે ગુણ તારા ગાય છે રે,
તેથી અધિકશું મારી આય છે રે? ગુણ ૫
નેતિ નેતિ કરી વેદ ગાય છે રે,
મારે હૃદય ઉમંગ છલકાય છે રે. ગુણ ૬
દાસ 'ખાકી' તારે શરણે પડયોરે,
કલિયુગનો સ્વામી મુજને જડયોરે. ગુણ ૭

ૐ

પદ ૧૬.

રાગ ઠુમરી કાફી (મીયારાજના મારે એ રાગ)

સૈયદ સાજનાં રે, મત્વાલા મોરા પીર,
હરિ હરિ મહાબલ મતી ધીર. ટેક
સત્પંથ પ્યારા પરમ પદ પાઈ,
સોકિયા સેં, સમજાઈ. સૈયદ ૧
શબ્દ સુધારી, શાન સમજાઇ,
વેદ વેલાકો બતલાઇ. સૈયદ ૨

પીર હમારા, પીરાને આઇ,
કૃત કલા બતલાઈ. સયદ ૩

ગુન્ન અપારા, એ પ્રેમ આઈ,
બાલમ બલ બલ જાઇ. સૈયદ ૪

'ખાકી' તીહારે સત્ય ગુન ગાઈ,
પત્ત રખનારે સદાઈ. સૈયદ ૫

ૐ

પદ ૧૭.

રાગ ઠુમરી કાફી

શાહોજી આજનારે; અલી આલમ ધીર,
હરિ હરિ નર મહમ્મદ શાહ મતીધિર. ટેક

ભેદ અપારા, પાર ન પાઈ;
બાની ભેદ સમજાઇ. શાહોજી

અરબ કાતારા, હિન્દ મેં આઈ,
સોલ કલા દિખલાઇ. શાહોજી

ગિરિ કર ધારી, ગોપ બચાઇ;
ઈન્દ્રકી આંટ હઠાઇ. શાહોજી

રામ દુલારા, અજોધ્ધા આઇ;
રાવનકી રાઢ મીટાઈ. શાહોજી ૪
અલખ આધારા, અસલ બત્લાઈ;
'ખાકી' કો ખાસ દીખાઇ. શાહોજી ૫

ૐ

પદ ૧૮.

રાગ ભજન સંદેશાનો

મોહનજી મળવા તે મારૂં મન છે,
દયાળું દાસને દેજો દિદાર જો.
આ અવળું ઘટે નહિં વ્હાલા તુજને;
છે તે મુજને એક જ તુજ આધારજો.
મોહનજી, મળવા તે મારૂં મન છે. ટેક,
વિહેં વ્યાકુળ શું મેલી ગયા ?
હવે કહું કોને જઈ મારા દુઃખજો,
માનવમાં કોઈ મારૂં માને નહિ;
એથી કેમ કરી આવે કર્મે સુખજો. મોહનજી ૧
પ્રિત લગાડીને શું એમ પરહરો,
એવા નવ હોય વાલા તારા સઢંગજો;

કહી શકું નહિ હું દુઃખ તમને,
કહેતાં તો ઠરે છે મમ કઢંગજો. મોહનજી

કેવે કારણીયે ઓ મારા વાલમાં,
પહેલાં પ્રિત કરી હતી મમ સંગજો,
વ્હાલા ટળવળતી મેલો હવે વાટમાં !
જગત કહેશે પ્રિતમ તમને રંગજો. મોહનજી

અવગુણ શું મારા તમે તો જુવો !
હમે તો અવગુણના અતિ ભંડારજો,
રૂંએ રૂંએ રમું હું દોષમાં,
સદ્‌ગુણે આપ અખંડા ધારજો, મોહનજી

કેવળ પ્રિત મુને તો તારી હવી,
બીજે હવે બોલું નહિ હું કાંયજો,
વિયોગ દુઃખ શાળે છે અતી મુને,
ટાળો ત્રિકમ વહેલા આવી આંહીજો. મોહનજી

લાજ જાશે જો આ યુગમાં તાહેરી,
વલી અહીં જો ભુંડું કહેવાશે કાંઇ જો !
આરો ઉગરવાનો એક આ માહેરે,
તુજ હાથે આ જુગની તે માંહીજો, મોહનજી

સૃરજ્યાનું તો સ્મરણ એક તુજને,
હમો ભુલ્યા છીએ વારો વારજો !

ઓછી બુદ્ધિ તો વ્હાલા અમ તણી,
તું તો દયાળું દીનોનો દાતારજો. મોહનજી ૭

અરજ કરૂં હું અતી તુજ આગળે,
બોલતા બીજે લાજી મરૂં અપારજો,
સબળ બળ છે જુગમાં તાહેરૂં !
તું તો સરકારૂંનો વળી સરકારજો. મોહનજી ૮

કુવે ઉતારી વ્રત કેમ કાપીયો ?
મને તો ઠેલી દુઃખના દરિયાની માહેંજો,
વિટમ્બણા વળગાડી વ્હાલા વાટમાં,
બળ મારૂં ચાલે અહી નહિ કાંઇજો. મોહનજી ૯

પોકાર કરૂં છું છબિલા તું કને,
સ્વામી તું તો કલિયુગનો સરદારજો,
નર મહમ્મદશાહ વહારે ચડો,
કંઈક દયા કરોને દાતારજો. મોહનજી ૧૦

વ્હાલા ઘણા રૂપે તું તો યુગમાં રમિયો,
રમત કરી તેં તો અનોખી જુગ ચારજો,
છેલ્લી વેલા માંહે અહીં આવીયો;
કરવા દુર્બળ દીનોનો આધારજો. મોહનજી ૧૧

તુજ હાથેથી અતી ઘણું આપીયું,
તેં યુગમાં જુલમી કીધા અતી જેરજો,

આળસ શેને આવી અહીં કરો ?
કાંઇક કરવી ઘટે હવે તો મહેરજો. મોહનજી ૧

માવા કોલ દીધા પાળોને મારા વાલમાં,
હમ કર્મ સામું તો ના જો જો લગારજો !
કરમ હમારા તો જોવા ધણી તુજને નવ ઘટે,
પાપી તો છૈયે હમો અતી અપારજો. મોહનજી ૧

બાંહે ગૃહ્યાની તો રાખો લાજને,
અમને દાસ ગણજોને ઓ દાતારજો,
'ખાકી' ની ચિંતા આવીને ટાળજો,
વિનવું હું તો તને વ્હાલા વારોવારજો. મોહનજી ૧

ૐ

પદ ૧૯

ભજન રાગ ગરબી સંદેસાની ૨

પ્રિતમજી પ્રિત કરીતી તે શે કારણે ?
હવે દુઃખડાં દો છો કેમ આ અપારજો ?
શરણુમાં લેઈને આમ શું પરહરો ?
ઘટે છે એવું કરવું તને કિરતાર જો ?
પ્રિતમજી પ્રિત કરીતી તે શે કારણે. (ટેક

જેમ જળ વિખુટી ઝુરે માછલી,
રહેજો ઘડી પણ એક જલ બહારજો,
ટોળા વિખુટી ભમે મૃગલી,
કેમ કરી ઠરે તે તો કહો કીયે ઠારજો ? પ્રિતમજી ૧

તુજ વિનારે યુગમાં મારા વ્હાલમાં,
થાએ મમ દિશા તેવી જ જાણજો;
આમ જિવન રહેશે તે કેવી રીતનું !
તુજ વિણ પાપી પિંડ માંહે આ પ્રાણજો ? પ્રિતમજી ૨

નથી ઠરતું મનડું મારૂં તો કે કને,
વાહાલા વહ્યો તું તે કેવે કામજો;
સુખ દુઃખનો બેલી તો મારો સામળો,
સંભારૂં તુજને હું તો આઠો જામજો. પ્રિતમજી ૩

ટળવળતી શું વનમાં મેલી ગયા ?
આ તારો વગોવાશે તે સગળો વેશજો;
હામ રહેશે કેમ તુજ વિણ કાયા એ માહરી ?
હમમાં બળ મળે નહિ લવલેશજો. પ્રિતમજી ૪

આધારે રહીયે છીએ તે એક તાહેરે !
તેમાં વળી આમ અવળું કરો કિરતારજો;
આ મેણલા દેશે દુરિજન્ન સઉ મુજને,
તે દુઃખ ખુંચે દિલમાં મને દાતારજો ! પ્રિતમજી ૫

એથી ખરૂં ખોટું સૂજે નહિ મુજને,
કરૂં આ કર્મે કરી જુગનો વેહેવારજો;
અબળ સબળ સૌ છે તુજ હાથમાં,
કર્મે લખ્યું કેમ આવું એ કિર્તારજો ? પ્રિતમજી

ન્યાય અન્યાય હવે મારૂં શું કરો ?
કર્યું તો સર્વે જ ધાર્યું તારૂં થાએજો;
દોષ તેમાં ગણો શેનો માહેરો,
મુજથી હલવ્યું ન હાલે જરા કાંએજો. પ્રિતમજી

જે જે ઘટે છે જેને જેહવું કરવું.
તે તો તુજ હાથેથી વ્હાલા થાએજો;
વ્હાલા આમ બાંધીને મારો શું કરવા ?
એથી લાજ તે તારી જાએ જો. પ્રિતમજી

અનંતનો બંધ તે વ્હાલા શિર ધર્યો,
હવે તે છોડી કયાં જાશો મારા નાથજો;
જો જો નહિ છોડું હું વ્હાલા તુજ હાથને,
ઘણે દીએ આવ્યા છો સ્વામી મુજ હાથજો. પ્રિતમજી

પીર કબીર દિનની તે વ્હાલા વારમાં,
તમે તે કોલ કેમ દીધો હાથોહાથજો;
મહમ્મદ રૂપે હવે છો અવતર્યા,
પીર ઇમામશાહનો દેવા સાથજો. પ્રિતમજી

દાસ 'ખાકી' છે સરણાગત એક આપનો,
આવી અરજ કરે છે અતી અપારજો,
દુઃખ ટાળો ને દયાળુ આપે દાસનાં !
છો દયાલુ યુગે યુગના અપારજો. પ્રિતમજી ૧૧

ૐ

પદ ૨૦

રાગ ધોળા માંડવાની ૧

આજ માંડવો મારે મોહન કેરો,
છે તે દયાળું ઘણેરો;
માંડવો મારે મોહન કેરો. (ટેક)
સુભકારજ સુભ સંગતે સોભે,
ટાળો ને મધ મચ્છર લોભે. માંડવો ૧
શીળ સંતોકનાં જામાંરે પેહેરી,
ધારોને શોભા ઘણેરી માંડવો ૨
વિવેક વૈરાગનાં પટકારે બાંધો,
પ્રેમ ગુરૂજી સું સાંધો. માંડવો ૩
પેરન પ્રેમ ગુરૂજી કેરૂં,
આવે તે શીતળ લેહેરૂં. માંડવો ૪

હિમ્મત બંડી હાંસથી પેહેરો,
અવસર આવ્યો છે નેરો. માંડવો

ચ્યણોં ચિત્ત વૃત્તિનેરે બાંધો,
ટાળી ને સઘળો વાંધો. માંડવો

દસોંદ દાનનો રૂમાલ કહીયે,
તન મન ધન્ન ખર્ચિ લઈએ. માંડવો

જામો એ જુગમાં જે જન્ન પેહેરે,
વરવાને શાહોજી વેરે. માંડવો

કળજુગમાં છે મહમ્મદ નામે,
કરશે કરોડુંનાં કામે. માંડવો

સાચો સ્વામી મારે જુગમાંરે આવ્યો,
તેનો માંડવો બંધાવ્યો. માંડવો

ચારે કલફનાં ભકતુંરે માટે,
વરિયા છે જે શિશ સાટે. માંડવો

એરે માંડવે જે જન્ન આવ્યા,
'ખાકી' અમ્મર ફલ પાવ્યા. માંડવો

ૐ

પદ ૨૧

રાગ ધોળ માંડવાની ૨

આમ માંડવો મારે મહમ્મદ શાહનો,
વાત તે મારી માનો, માંડવો મારે મહમ્મદ શાહનો. ટેક
રમત ન્યારી છે જુગમાંહે જેની,
સેવાં કરો સૌ તેની. માંડવો ૧
મહમ્મદ શાહ આદ શકિતની સાથે,
હાથે તે મિંઢળ બાંધે. માંડવો ૨
બુજુરૂક બેગમ જગત જનુની,
રાખ દયા તું તનુની. માંડવો ૩
સુલતાન મહમ્મદની છે રે એ તનિયા,
જે ઘડ પાવામાં રમીયા. માંડવો ૪
કોલ કરી સુલતાન ઘર આવ્યા,
આદ શક્તિ જે કાવ્યા. માંડવો ૫
તે શું વર્યાં આજ મહમ્મદ શાહો,
હરખે તે માંડવો ગાઓ. માંડવો ૬
જુગ અંતે નિકલંકી રે ચડશે,
વશ માં કુંવરીને વરશે. માંડવો ૭

જુગ માંહે રૂપ ધર્યું છે જેણે,
માયા રચી છે આ તેણે. માંડવો ૮
પીરઇમામનાં તન છે સાચા,
દીધી છે છઠ્ઠીમાં વાચા. માંડવો ૯
કોલ હતો તે કર્યો છે રે પુરો,
કર્યો કુફરનો ચુરો. માંડવો ૧૦
બ્રહ્મા પિતા પુત્ર વિષ્ણુ રે કાવ્યા,
તે ઘર શક્તિ આવ્યા. માંડવો ૧૧
બ્રહ્મરૂપ ઇમામશાહ જાણો,
વિષ્ણુ મહમ્મદ પ્રમાણો માંડવો ૧૨
બુજુરૂક બેગમ છે જોગ માયા,
શાહ સંગે લગ્ને બંધાયા. માંડવો ૧૩
વંશ બતાવ્યો છે આ હરિકેરો,
હરિવંશ વેદે જે ટેર્યો. માંડવો ૧૪
હરિ તે વંશની શેવા જે કરશે,
'ખાકી' તે ભવસાગર તરશે. માંડવો ૧૫

ૐ

પદ ૨૨

રાગ ગરબો ૧

પ્રગટ પધારો મારા નાથજી,
સાચા પીરાણાના પીર, સાચા પીરાણાના પીર.
ધિરજ દેવા ધાઓ વાલમાં,
છૈયેં તારારે કીર, છૈયેં તારારે કીર,
પ્રગટ પધારો મારા નાથજી. (ટેક)
અવની મધે સ્વામી અવતર્યા,
સૈયદ જાત પ્રમાણ, સૈયદ જાત પ્રમાણ;
સૈયદ સીયાનાં રે બાલકા,
કર્યો કુળનો નિર્વાણ, કર્યો કુળનો નિર્વાણ. પ્રગટ ૧
બંદે અલી જોત જાગતી,
પીર પુરણ કામ, પીર પુરણ કામ. પ્રગટ
પાવન કર્યાં પૃથિવ વિષે,
કાંઇક સાચા ગુલામ, કાંઇક સાચા ગુલામ. પ્રગટ ૨
આલ અલીની તે કૈયે,
હરિ વંશ પ્રમાણ, હરિ વંશ પ્રમાણ. પ્રગટ
રમત રમી ગયા અવનવી,
કર્યું જુગમાંહે જાણ, કર્યું જુગમાંહે જાણ. પ્રગટ ૩

નુરશાહી કુળમાં અવતર્યા,
જુલમી કરવાને જેર, જુલમી કરવાને જેર. પ્રગ
દાશ "ખાકી"ને ઓધારજો,
ટાળો કાળોરે કેર, ટાળો કાળોરે કેર, પ્રગ

ૐ

પદ ૨૩

રાગ ભજન ૨

પ્રગટ પધારો મારા પીરજી,
હમને દેવાને દીદાર, હમને દેવાને દીદાર,
દુઃખની વેલાએ આવો ઢુંકડા,
કૃપા કરોને કિરતાર, કૃપા કરોને કિરતાર,
પ્રગટ પધારો મારા પીરજી.
દાતા દયાળુ છો દીનનાં,
દિલમાં કરોને વિચાર, દિલમાં કરોને વિચાર. પ્રગ
માયા લગાડી મારા માવજી,
ધાઓ તનનાં આધાર, ધાઓ તનનાં આધાર. પ્રગટ
શંકટ સમેરે સ્વામી આવજો,
સાએ કરવા સરદાર, સાએ કરવા સરદાર. પ્રગટ

જુગમાં નથી કોઇ કોઇનું,
પાળો પુનનો પરવાર, પાળો પુનનો પરવાર. પ્રગટ ૨
બંદે અલી ભીડ ભાંગજો,
સૈયદ મીયાનાં પરવાર, સૈયદ મીયાનાં પરવાર. પ્રગટ
'ખાકી' દાસ છે આપનો,
એક તારો આધાર, એક તારો આધાર. પ્રગટ ૩
અરજ 'ખાકી' ની સુણજો,
બંદે અલી અરદાર, બંદે અલી સરદાર; પ્રગટ
દાસ જાણી નિત્ત આપનો,
સાંભળો પ્રેમ પોકાર, સાંભળો પ્રેમ પોકાર. પ્રગટ ૪

ૐ

પદ્દ ૨૬

રાગ ધોળ ભજન ૫

પરમાર્થે પોતે પરવર્યા,
જુગમાં દેવાને દીદાર, જુગમાં દેવાને દીદાર;
થોડારે દિવસ રાખી સંગમાં;
કર્યા આળગા અપાર, કર્યા અળગા અપાર,
પરમાર્થે પોતે પરવર્યા. ટેક

ગુણગાએ સૌ ગુરૂ તણા,
નથી બીજાનું કામ, નથી બીજાનું કામ,
આલઅલીની ઓળખી,
રાખો મન માંહે હામ, રાખો મન માંહે હામ.
પરમાર્થે ૧

સીતેર વર્ષે વહ્યા વિઠ્ઠલા,
કરીજુગમાં વહેવાર, કરીજુગમાં વહેવાર;
કોલ પાળ્યો પોતા તણો,
રહ્યા રૂદિયા મોઝાર, રહ્યા રૂદિયા મોઝાર. પરમાર્થે ૨

શરણે આવ્યા સેવક જેટલા,
ટાળ્યા તાપ અપાર, ટાળ્યા તાપ અપાર,
અંદે અલી પીર પરવર્યા,
આપ પીરાણા મોઝાર, આપ પીરાણા મોઝાર.
પરમાર્થે ૩

માવજી મનમાં વિચારજો,
કરો 'ખાકી' નો આધાર, કરો ખાકીનો આધાર,
ગુણગાએ સૌ જગતમાં,
સમજો મનનો વિચાર, સમજો મનનો વિચાર.
પરમાર્થે ૪

ૐ

પદ ૨૭

રાગ ભજન ૧

(રાગ રામબાણ વાગ્યાં હોય તે જાણે)

પ્રેમધુન લાગેલ હોય સો જાણે.
અવર અમથા જે આખું તાણે. (ટેક)

પહેલાં પ્રેહલાદને લાગી,
હરિચંદને બીજે ટાણે,
તાતે થંભે બાથ ભીડાવી તો;
વંચાયા દાણે દાણે ! પ્રેમધુન ૧

પાંન્ડવ પરતે હરિ પધાર્યાને,
અંત્તર હેત જો આણે,
હિમ પંથે પોતે પધાર્યા તો,
ધર્મ ચેત્યા છે ટાણે. પ્રેમધુન ૨

શ્રી બુદ્ધ વચને સર્વે સીધાર્યાને,
સિદ્ધ થયા ત્રીજે ટાણે,
શ્રી હરિવચન શિર ધર્યું તો,
પાંન્ડવ મહા પદ માણે. પ્રેમધુન ૩

આજ કળિયુગમાં આપે પધાર્યાને,
નિકલંક રૂપ સૌ જાણે.
અરબી રૂપે અવનીમાં આવ્યા તો,
પરખ્યા છે ખરેનાણે. પ્રેમધુન
નાયા કોળીયે પ્રેમ રસ પીધોતો,
વેદ પુરાણ પ્રમાણે,
બાર બાર વરસ વનવાસ વેઠયું તો,
પ્રિતમજી પ્રેમ આણે. પ્રેમધુન
નરહર નામે નેહ બંધાણું તો,
અવરચિત્ત નવ આણે,
ભાભા રામેભ્ય સર્વે મેલ્યું તો,
મોજ ઘણેરી માણે. પ્રેમધુન
એવી રીતે કંઈદાશ ઓધાર્યો,
'ખાકી' ચિંતા તે કેમ આણે !
નર મહમ્મદશાહ નામ તમારૂ તો,
જુગમાં તે સર્વે જાણે. પ્રેમધુન

ૐ

પદ ૨૮

રાગ ભજન ૨

હરિરસ પીધેલ હોય સો જાણે,
ઠાલા માથામાં ટીલા તાણે (ટેક)
મોટા મણકાની માલા લે કરમાંને,
ઉભા ઉભા તાણે,
પાડે બરાડું મન માંહે માની,
જેમ તેમ લોક જ જાણે. હરિરસ. ૧
રંગ ભભુત રચાવે છે અંગમાં,
લંગોટ અંગે આણે.
ભેખ કરી ભવને ભુલાવે તો,
અંતર રસ નવ આણે. હરિરસ. ૨
મઠ મડી કે મંદિર બાંધી,
ચેલા મુંડે ટાણે ટાણે;
જેમ તેમ ભોળા ને ભરમાવી,
માયા મંદિરમાં તાણે. હરિરસ. ૩
આળ પંપાળે જુગને વલગાડી,
પોતે રહ્યા તે મૂછો તાણે;

નર નિકલંકી આપે અવતરિયા તે,
ભેદ તેનો નવ જાણે. હરિરસ ૪

ભૂતની પેઠે ભવમાં ભમીને,
પેટ ભરે તર ભાણે;
સિદ્ધતાઇ પોતાની પુરી દેખાડે,
જેમ સંત હરિજન જાણે. હરિરસ ૫

મુરખ મનમાં આપેનાં ચેત્યો,
ઉઠેલ છે ભરે ભાણે.
સ્વાર્થે રચે છે ફંદ ઘણા જુગમાં,
માયા માયા મન આણે. હરિરસ ૬

નર મહમ્મદ આપે પધાર્યા તો.
મૂરખ મનમાં નાં આણે,
નર નિષ્કલંકી અલી આપે અવતરિયા,
તે સું હેત નવ આલો ! હરિરસ ૭

'ખાકી' છે સેવક તારો સદાનો,
નિશ્ચે તે એવું માને;
આ જુગમાં હરિ આપે પધાર્યા,
જે વર દીધો તો ટાણે. હરિરસ ૮

ૐ

પદ ૨૯

રાગ ભજન ૩

જ્ઞાન ધુન લાગેલ હોય સો જાણે,
પાપી તે મનમાં નવ આણે. (ટેક)

મોહ મચ્છરને મારી હઠાવોને,
કામ બાંધો તે ટાણે.
વિવેક વિચારની કમ્મર બાંધો તો,
મળશે હરિ તેજ ટાણે. જ્ઞાનધુન ૧

સત્ સંતોકને સ્નેહમાં રાખો.
રાખોને વેદ પ્રમાણે,
આળસ ઈર્ષાને ત્યાગો તો,
ખેપ ખરચો ખરે નાણે. જ્ઞાનધુન ૨

ક્રોધ છે. કટ્ટો સત્રૂ તમારો,
અંત્તરમાં વાત આણો,
નિંદા જુઠ તમે જો ત્યાગો તો,
પીરશાહ પ્રેમે પ્રમાણે. જ્ઞાનધુન ૩

દૂર કરોને દ્વિતજ દિલથી;
અંત્તર અદ્વિત આણે,

પ્રેમ સહિત પડયો પાય ગુરુને,
હરિવંશમાં હરિ જાણે. જ્ઞાનધુન ૪
મોહમાયાથી મનને રાખો,
જેમ દોરે પૂતંગ જ તાણે.
રૂપ સ્વરૂપને ઓળખીને જુગમાં,
અંત્તર આતમ્ જાણે. જ્ઞાનધુન ૫
નર રૂપે નરનાથ પધાર્યા,
મહમ્મદશાહ મન માણે;
ઈમામશાહનાં પુત્ર પનોતા,
'ખાકી' તે રૂદિયામાં આણે. જ્ઞાનધુન ૬

ૐ

પદ ૩૦

રાગ ભજન ૪

હરિ ગુણ જાણેલ હોય સો જાણે,
અબુજ અંત્તરમાં નવ આણે. (ટેક)
મન માનીને મૂર્ખ બેઠો,
હેત હરિ શું નવ આણે;
ગયેલ રૂપમાં વળગી રહીને,
રાગ ઘણા મુખ તાણે હરિગુણ

જુગ પ્રમાણે વિગત ના જાણે,
વહેમ ઘણા મન આણે,
વેદ વચનનું ધ્યાન ના રાખે,
સદ્‌ગોરને નવ જાણે. હરિગુણ ૨

મુખથી કહે હું હરિગુણ ગાઉં,
સુદ્ધ હરિની નવ આણે,
માન મુરાતબમાં મરી રહ્યો છે,
કુળનાત ગૌત્ર વખાણે. હરિગુણ ૩

બ્રહ્મકુળનીતે વિગત અવળી,
જ્ઞાની હોય સો જાણે,
અંધ અબુજ અત્રીયાળ રહેશે,
પક્ષ પોતાનો તાણે. હરિગુણ ૪

ઉત્તમ મધ્યમ કુળને વખાણે,
કહે પોતાની જાણે,
વૌશ પવિત્ર હરિતણો છે,
જે કહ્યું વેદ પુરાણે. હરિગુણ ૫

હરિકુળને જે ઓળખીને ધ્યાશે,
વરશે તે પુરૂષ પુરાણ;
ઉંચ નિચની અળપનાં કરશે;
શીરને સાટે તાણે. હરિગુણ ૬

મન વચન કર્મે કરીને,
પ્રેમ પૂરો મન આણે,
પીર ઈમામશાહ પોતે પધાર્યા;
પીરાણામાં જુગ જાણે. હરિગુણ ૭

દાસ તીહારો 'ખાકી' સદાનો,
અંત્તર વાત એ આણે;
કળિયુગના સ્વામી નરમહમ્મદશાહ,
પ્રેમે પોતે પરમાણે. હરિગુણ ૮

ૐ

પદ ૩૧

રાગ ભજન ૫

ગુણ ગુરૂ જાણેલ હોય શો જાણે,
ઓલ્યા મમતામાં મોટપ માણે. (ટેક)

વિદ્યા વંતાનો ડોળ કરીને,
વેષ પોતાનો વખાણે;
પ્રશ્ન પુંછે ત્યારે ડેં....ડેં કરીને,
દાદુર સમ રાડ તાણે. ગુણ ૧

ઉત્તમ કુળ અવિનાશી કેરૂં.
તેમાં પોતાને જાણે,
પાણી મલે નહિ તે પણ કેરૂં,
(અલ્યા) શેની તે મૂંછો તાણે ? ગુણ ૨

પોશાક પેહેરી પિન્ડ શોભાવે,
મિસ્ટાનમાં મન તાણે,
ભેદ વિનાનો ભૈરવ વાહન,
ભભક, ભભક ભોંકાણે. ગુણ ૩

ધતર મતર કરી ભોળાને ભોળવી,
મનમાં તે મોજું માણે,
ધ્યાન ધરમમાં ધોકો સંભાલે,
અજ્ઞાન અંધ અજાણે. ગુણ ૪

ફોગટ ફુલે ગુરૂપણામાં,
પક્ષ પોતાનું તાણે;
માનની ખાતર ઉંધો મરે છે;
આપ સમ અન્ય ન જાણે. ગુણ ૫

હરિ તે વૌંશનો ડોળ કરે પણ,
ઉગેલ છે ખાર વાણે,
મરૂભૂમિમાં મહાધાન્ય કયાંથી,
અજાણ કયાંથી જાણે ? ગુણ ૬

'ખાકી' કહે ગુણ ગોતીને લેજો,
વાંશ છે વેદ પ્રમાણે;
અવળી વાટે વળી જશોતો,
પસ્તાશો પોતે ટાણે. ગુણ ૭

ૐ

પદ ૩૨

રાગ ભજન ૬

ગુણ ગુરૂ ગાએલ હોએ સો ગાએ,
બોલ્યા ભૂત ભવાડે સેને ધાએ. (ટેક)
મહા શબ્દનો મર્મ ના જાણે,
ૐ, ૐ કહેતો જાએ;
વેદ વચનને કોરાણે મૂકી,
મન માનીતું ગાએ. ગુણ ૧
અકાર ઉકાર ને વલી મકારથી;
શબ્દ અનુપમ્ થાએ,
જુગ પ્રમાણે એ જાપ બોલે,
તુર્ત તે મોક્ષ પાએ. ગુણ ૨
'અકાર' એ તે અલખ અવિનાશી,
'મકાર' મહાબ્રહ્મ આએ,

'ઉકારે' ઉત્તપને જાણે,
સેજે તે સત્ય પળાએ. ગુણ ૩
'અકાર' શબ્દ આપે અલી છે,
'મકાર' મહમ્મદ થાએ,
'ઉકાર' શબ્દે ઉનાદ ઉઠે,
શબ્દ અનુપમ ગાએ. ગુણ ૪
'ઉનાદ' શબ્દ આપે જ ઉઠે,
અણ ચિંતવ્યું ઓચરાએ,
એટલી જુક્તિ જો જુગ જાણે,
સેજે અમર પદ પાએ. ગુણ ૫
'અકાર' શબ્દે અલખજ ઓલખી;
મદદ 'મકારે' મેળવાએ,
'ઉકાર' શબ્દે 'પીરશાહ' જપિયે,
કલિયુગનો મહિમાએ. ગુણ ૬
ભેદ અનુપમ આમુક્ષ કેરો,
'ખાકી' કહે સત્ય ભાએ,
જે જન્ન એ આ જુક્તિ જાણે,
મહાપદનો મહિમાએ. ગુણ ૭

ૐ

પદ ૩૩

રાગ ગરબી ૧

શ્રી અલી શાહ મારા અંત્તર વશિયા.
તારા દર્શનની મુને રઢ લાગી. (ટેક)
ચંદ્ર સમુ વ્હાલા મુખ રશીલું,
દ્રુ દર્શન નીમુને ધુન્ન લાગી. શ્રીઅલી ૧
સૂર્ય સમાં વ્હાલા ન્યેણ તમારા,
જાણે જગમગ જોતું ઝટ્ટ જાગી. શ્રીઅલી ૨
હિમ પુરીમાં વ્હાલો આપે બીરાજે,
દર્શન કરે નર ભડભાગી. શ્રીઅલી ૩
નર મહમ્મદશાહ નામ તમારૂં,
સુર્તા મારી તુજ શ્રણ લાગી. શ્રીઅલી ૪
પીર ઇમામના પુત્ર પનોતા,
શાહ સુરત મારે મન લાગી. શ્રીઅલી ૫
બુઝરૂક બેગમ આદ જોગ માયા,
લગ્ની તેની તમ સંગ લાગી. શ્રીઅલી ૬
વોંશ હરિ તે તન્નથી જાણો,
સેવા તેની જન્ન આજ જાગી. શ્રીઅલી ૭
સાહે કરો મારા સ્યામ રસીલા,
'ખાકી' એ અર્જિ એ માંગી. શ્રીઅલી ૮

ૐ

પદ ૩૪

રાગ ગરબી ૨.

ભેદ અનેરા ઓનર તારા,
મુમુક્ષુને જોતું જાગી. (ટેક)
ભેદ ભણે આ ભાવ ધરીને,
ઝટ પટ ભાવટ જાએ ભાગી. ભેદ ૧
જુગો તે જુગમાં રમત તમારી,
અવતાર દશની ઝડ લાગી. ભેદ ૨
જલચર વનચર બ્રાહ્મણ ક્ષત્રી,
મલેચ્છ રૂપી મહા જોત જાગી. ભેદ ૩
દશમાં રૂપે આપ અવિનાશી,
અરબ ભોમે રઢ્ઢ લાગી. ભેદ ૪
ઈરાન આદી દેશ ફરીને,
ઈમામ પુરી આન્નદ કારી. ભેદ ૫
નર મહમ્મદશાહ નામ તમારું;
ગાએ છે 'ખાકી' ભેદ ભાંગી. ભેદ ૬

ૐ

પદ ૩૫

રાગ ગરબી

પીર ઈમામ શાહ પ્રતક્ષ બેઠા,
દર્શન કરે નર ને નારી. (ટેક)
પૂરણ બ્રહ્મ પીર પોતે પધાર્યા,
તન્ન મન્નથી જાઉં હું વારી. પીર ૧
સત્પંથ વર્ત્યો કલિયુગ માંહે,
વાણી રસિલા રસભર તારી. પીર ૨
પિતા પ્રત્યે પ્રશાદી પામ્યા,
સાકર માલા અદ કારી. પીર ૩
ઉંચ શહેરથી પીર પોતે પધાર્યા,
સિંધુ નદીએ વહે નીર ભારી. પીર ૪
વણઝારાની બેડી બોધારી,
રાખ્યા તે બૂડતા નરનારી. પીર ૫
શહેર દિલ્લીમાં આપે પધાર્યા,
અકળ કળા છે ગોર તારી. પીર ૬
બાદશાહનું આપે મન મનાવ્યું,
અખંડ નિમાજી મારા મોરારી. પીર ૭

મસીતનાં તે ટોટા નમાવ્યા,
પરગટ પરછા પીર ભારી. પીર ૮
ગુણ ગાવા ગુરૂ મન્ન થયું છે,
મદદ કરો 'ખાકી' જાએ વારી. પીર ૯

ૐ

પદ ૩૬

રાગ ગરબી

છેલછબિલા ચતુર છોગાલા,
મનહર રૂપ પરે જાઉં વારી. (ટેક)
જગજિવનજી જગત આધારક,
મહા મનોહર છબી તારી. છેલ ૧
ધ્યાન ધરે જે જુગમાં તારૂં,
ભવસાગરથી લે શાહ તારી. છેલ ૨
પ્રતક એવા નરજી સેવો,
નર અલી એવા અવતારી. છેલ ૩
નર ઇસ્લામ શાહ કોલ કરીને,
આવ્યા અન્નતનાં આધારી. છેલ ૪
નર મહમ્મદશાહ નામ તમારૂં,
પીર ઘેર પધાર્યા પ્રેમધારી. છેલ ૫

અનેક ચારિત્ર આપે કર્યાં છે,
કળી શકે કેમ નરનારી. છેલ ૬
મુગટ મણી છો આ જુગ કેરા,
ધુરંધર ધણી દુઃખ દો ટાલી. છેલ ૭
સત્પંથનાં સ્વામી આપે રસિલા,
આદ નારાયણ અલી અન્તારી. છેલ ૮
'ખાકી'ની અર્જિ એટલી માનો,
લાજ નજાએ ઓ નર મારી. છેલ ૯

ૐ

પદ ૩૭

રાગ ગરબી. ગ

જાપ રસીલું પીર શાહ પ્યારૂં,
એવા ભજનની મને ધુન્ન લાગી. (ટેક)
મહાવાચક આ અતીઅદ કારી,
ભાગ્ય જેનાં જેને શુદ્ધ લાગી. જાપ ૧
અતી ઉમ્મંગો આન્નદ વ્યાપે,
જન્મ મરણનું દુઃખ જાએ ભાગી. જાપ ૨
ચારે વેદનો આજ રહસ્ય છે,
શુરી નર મુનિવરે સાહચે માંગી. જાપ ૩

કલયુગનો એ મહાતમ્ય પ્યારૂં,
સત્ય ગોરથી શાન લે માંગી, જાપ ૪
જે આ શબ્દની સુદ્ધ ના ધારે,
હાથે કરી નર્ક લે માંગી. જાપ ૫
ભજ્જ ભજ્જ મન આ પીરશાહ પ્યારૂં,
જંજાલ આ જુગની ત્યાગી. જાપ ૬
સફળ મનુષ્ય દેહ કર તું પ્યારા,
મોહ માયાચી ઝટ જાગી. જાપ ૭
અનેક શબ્દમાં આ શબ્દ સાચો,
જપવિરા વેળા જાએ ભાગી. જાપ ૮
વચન આ 'ખાકી' સત્ય કહે છે,
જેની સૂર્તા એક સાહથી લાગી. જાપ ૯

ૐ

પદ ૩૮

રાગ ગરબી. ૬

ભજ્જ ભજ્જ મન તું પીર શાહ પ્યારા,
વેલા અમુલો આજ હાથ લાગી. (ટેક)
અમુલ્ય હીરો હાથે લાધ્યો,
રાખે આળસમાં જાએ ભાગી. ભજ્જ ૧

અમૃત સમ આ મધુર રસીલું,
લે ઝટ્ટપટ્ટ આળશ ત્યાગી. ભજ્જ ૨
મહાવાયક અતી ભેદ ભરેલો,
જો-જો તું ઝટ્ટ—ઉઠ જાગી. ભજ્જ ૩
મનગમતું મુકતાફલ મલીયું,
કેમ સૂતો એ હત્ત ભાગી. ભજ્જ ૪
દેવ ઋષિ સૌ એ અર્થ સાધે,
તુજ આંખે નિંદ્રા કેમ લાગી. ભજ્જ ૫
જાએ દુઃખ સેજે જન્મ મરણનાં,
સત્ય ગોરની જેને સુદ્ધ લાગી. ભજ્જ ૬
સત્પંથ સાધ્યો શુભ શંકેતે,
પીરશાહ પીરશાહ ધુન્ન જો લાગી. ભજ્જ ૭
મુનિવર મારા આવો આકારા,
સત્ય ગોર પાસે લ્યો માંગી. ભજ્જ ૮
સુધા સમ પ્યારા વચન આમારાં,
'ખાકી' કહે લેજો ઝટ્ટ જાગી. ભજ્જ ૯

ૐ

પદ ૩૯

રાગ ગરબી. ૭

ઘાટ તીરથનું મહાતમ્ય મોટું,
નુર વર્ષે ત્યાં ઝરાઝરી. (ટેક)
ભવ ભટકણનું ભય જે ભારે,
ભાંગે એ ભાર એ સરાસરી. ઘાટ ૧
કરણુ કલપનાં દેવ આઠામે,
થા તેત્રીસની તું બરાબરી. ઘાટ ૨
યજ્ઞ અમુલો આ યુગ કેરો,
મન્ન રાખજો તું થરાથરી. ઘાટ ૩
જરણુ મરણનાં દુઃખ જે જુગમાં,
ઝટપટ જાસે જરાજરી. ઘાટ ૪
મનગમતું માંગી લે મનવા,
બંધન ભાગે ભડાભડી. ઘાટ ૫
અમૃત પીજે અમર થાવા,
પ્યાલો ફરે છે ભરાભરી. ઘાટ ૬
પાપનું પ્રાશ્ચિત આ તીરથમાં,
કરીલે જનવા જરાજરી. ઘાટ ૭

ત્રણે દેવ આવે આઠામે,
આદશક્તિ તે પણ બરાબરી. ઘટ ૮
કલિયુગનું આ મહાતમ્ય ગાયું,
કહે છે ' ખાકી ' સરાસરી. ઘટ ૯

ૐ

પદ ૪૦

રાગ ગરબી ૮

સત્યપંથનું આ મુળ રચાયું,
લ્યો લ્હાવો એ નરનારી. (ટેક)
સત્ય ગોરજી અહીં તમને બોલાવે,
આવો આવો મારા સત્યધારી. સત્પંથ ૧
અન્નંત કરોડી દેવ ટોલે મલ્યા છે,
કમલા કુંવરે આવો હાંક મારી. સત્પંથ ૨
ઝગમગ જોતું ઝળહળ ચમ્કે,
ઝરમર ઝડી નુરની ભારી. સત્પંથ ૩
વેદ મંત્રોથી નુર નીપાવ્યું,
તે ત્રીસ ક્રોડી જુવે વાટ તારી. સત્પંથ ૪

તેત્રીસ ક્રોડી શાહ થાલ માંગે,
લે લે વીરા તું કર ધારી. સત્પંથ ૫
મોક્ષનો મેલો અતી અમુલો,
લે તે જેના ભાગ્ય હોય ભારી. સત્પંથ ૬
મેળો લેઇ લેઈ તું અમર થઈ જા,
રખે ઉતાવળો જાએ બારી. સત્પંથ ૭
આદી અનાદી પુરણ પ્રેમી;
શુદ્ધ તેને આ હોય સારી. સત્પંથ ૮
આવો આવો વ્હાલા ઘટ પાટ ટાણે,
સદ્ગોર જુએ વિરા વાટ તારી. સત્પંથ ૯
'ખાકી' શિખામણ તુજને દે છે,
સદ્ગોર શમ્સ એજ સારી. સત્પંથ ૧૦

ૐ

પદ ૪૧

રાગ ગરબી. ૯

મુનિવર મલવા મેળો રચ્યો છે,
આવો ઉમંગી મન હોંસ ધરી. (ટેક)
ચારે તે જુગનું તિરથ મોટું,
સદ્ગોરે ભાંખ્યું ભાવ ધરી. મુનિવર ૧

અમર પદની એ બારી બનાવી,
બાર કરોડી ગયા એથી સરી. મુનિવર ૨
નિસ્પાપ થાવા આંહી પધારો,
સત્ય નું જોજે સાર જરી. મુનિવર ૩
બ્રહ્માંડ રચનાનું દસ્યૅ રસિલું,
ક્રમે ક્રમે તું જો જે જરી. મુનિવર ૪
પિવનહારા અમિરસ પીસે,
મૂરખ ને મૂખ ધુલ પડી. મુનિવર ૫
વેદ વાણીની ધુન્ન લાગી છે,
સવણ ધરીને સુણુતો જરી. મુનિવર ૬
મુખી પધારે ઘટ પાટ સ્થાપે,
દેવ પધારે દયારે કરી. મુનિવર ૭
હાલ ગુજારી હરિજન્ન થાજે;
લજ્યા ને દેજે તિલાંજલી. મુનિવર ૮
વેગે પધારો ઘટપાટ ટાણે,
કહે 'ખાકી' પ્રબોધે પ્રેમ કરી. મુનિવર ૯

ૐ

પદ ૪૨

રાગ ગરબી ૧૦

ઘટ તિરથમાં પ્રભુ પધારે,
મુનિવર આવો ઉમંગ ધરી. (ટેક)
મહાતિરથ આ જુગમાં જાણો,
વિવેક વેદનો જાઓ જરી. ઘટતિરથ ૧
વરૂણિ યજ્ઞ આ અમિરસ પાવા,
સત્ગોરે સૂચવ્યું સત્ય કરી, ઘટતિરથ ૨
યજ્ઞ અગ્નિ નું અન્ય યુગોમાં,
વેળા ગઇ હવે નાંહીં જરી. ઘટતિરથ ૩
શુરિ નર મુનિવર આદી અનાદી,
વહી ગયા એ આ વાટ ખરી. ઘટતિરથ ૪
સત્પંથનું આ સાર રસિલું,
વેદે કહી આ વાણુ ખરી. ઘટતિરથ ૫
આદી અનાદી ઘટ પાટ સેવા,
યજ્ઞની બાજુ અન્ય ખરી. ઘટતિરથ ૬
નિત્તનિત્ત તું આ તીરથે નાહજે,
મુક્ષ મેળવ તુ મન્ન ભરી. ઘટતિરથ ૭

સત્પંથનો આ સાર કહ્યો છે,
ભેદ નથી રહ્યું આંહીં જરી. ઘટતિરથ ૮

તેત્રીસ ક્રોડી ગુણુજ ગાએ,
'ખાકી' ગાએ મન હોંસ ધરી. ઘટતિરથ ૯

ૐ

પદ ૪૩

રાગ ગરબી ૧૧

વ્રત અમુલો કલિયુગ કેરો,
બીજ શુકર વારી આજ આવી. (ટેક)

બારે પહોર ભેટ સત્ગુરૂ સાથે,
ઉદય થયા હોય પુન્યભારી. વ્રત ૧

ગુરૂ વારે ચાર પોહોરે પુરા,
જપે તપે દેહ દે તાવી, વ્રત ૨

શુકર વારે આઠ પોહોર કરજે,
હોંશ હેડામાં દે લાવી. વ્રત ૩

થાવર વારે દેવની થાપના,
અંત વરતનું જાએ આવી. વ્રત ૪

જો હોય સત્તા મુનિવર જમાડો,
શાહા શરણે તું ચિત લાવી. વ્રત ૫

પીરશાહ પીરશાહ પ્રેમથી ગાજે,
વાણી રસીલી તુજ હાથ આવી. વ્રત ૬
લક્ષ ચોરાશી નો ફેરો ટળશે,
ભૂલવણી નહિ જાએ આવી. વ્રત ૭
ચારે તે જુગનાં વ્રત છે નોંખા,
જુગ વેલા વ્રત એ લાવી. વ્રત ૮
'ખાકી' બતાવી દે છે તુજને,
હોંશ હઇડામાં એ આવી. વ્રત ૯

ૐ

પદ ૪૪

રાગ ગરબી ૧

કચોલી કરમાં દીઓને માણારાજ મહારાજ,
કચોલી નુર ભરી લટકે છે;
પ્યાલી પ્રીતે પાજોને માણારાજ મહારાજ,
પ્રિતમ હૃદય મારે અટકે છે. (ટેક)
વારી યજ્ઞ રચાવિયો, મુક્ષ તણો જે ઘાટ;
નુર કચોલા ભરાવિયા, સદ્‌ગોરે મુનિઆટ.
પાઓ પાઓને પ્રાણાધાર મહારાજ,
મૂરખ મન્ન એ ફટકે છે. ૧

અમૃત પી અમ્મર થયા, પવિત્ર પ્રેમી જન્ન,
ભાન વિના ભમ્તા ગયા, શાન ન સમજ્યા મન્ન,
મૂંઢ મતીનાં એ તો ગમાર મહારાજ,
પછીથી હાથ તે ઝટકે છે. ૨

તેત્રીસ ક્રોડી આવિયા, આવ્યા ત્રિભોવન રાએ;
તે ટાણે જે આવિયા, પવિત્ર પાવન થાએ.
જાએ ભવનો સઘળો ભાર મહારાજ,
ચોરાસી એથી અટકે છે. ૩

જગમગ જોતું જળહળે, નુરનાં વર્ષે મેહ,
અંત્તર આંખો ઉઘડે, દર્શન પામે તેહ.
નર મહમ્મદ શાહ મૂરાર મહારાજ,
છોગાળા છબી ખટકે છે. ૪

મેળો એ માવા તણો, યુગનો તારણ જેહ;
મહિમા એ મેલા તણો, 'ખાકી' કહે છે તેહ.
સંતોનો એ શિરતાજ મહારાજ,
મોહનજી મુખડું મટકે છે. ૫

ૐ

પદ ૪૫

રાગ ગરબી ર

જપો જપોને પીરશાહ જાપ રૂષિરાજ,
જાપ જરૂર ઝેણુ ઝટકે છે;
ટળે ટળે ત્રિવીધનાં તાપ રૂષિરાજ,
તિમ્મર તેથી તટકે છે. (ટેક)

શબ્દ અનુપમ વેદનો, શોધીને શુદ્ધ થાઓ;
મહાવાયક મહા ભેદનો, શુદ્ધ શોધીને ગાઓ.
સુમુક્ષુ ને મળે મહાં જાપ રૂષિરાજ;
રોમે તે રોમે ખટકે છે. ૧

રણુંકાર એ લાગી રહ્યો, સાંસ ઉસાંસે જેમ;
રોમે રોમે વ્યાપી રહ્યો, નુર નારાયણ તેમ.
લાગે ત્યાં વ્રહનો તાપ રૂષિરાજ,
ખટરાગ અંત્તર ખટકે છે. ૨

સુન શિખર શુર્તા ધરો, કમાન કડિ઼ તાણ;
દમ માંહે તે દમ ભરો, ઝરઝર તાએ બાણુ.
આપો આપો તે આપણું આપ રૂષિરાજ,
ખુબીથી ખાટલી ખટકે છે. ૩

મહાવાયક એ વેદનો, કલ્મો કિતાબી પાક;
જાપ જપો એ ભેદનો, પ્રત્યક્ષ પીરશાહ પાક.
સાથે રાખો સદ્દગોરની છાપ રૂષિરાજ,
સુખમણુ સેણુ સેજ સટકે છે. ૪

ઉલટા સુલટી આમળો, સોહંમ સાથે જોડ;
સદ્દગુરૂ મુખથી શાંભળો, મનથી મમતા છોડ.
'ખાકી' ખોળી જોજે તારૂં આપ રૂષિરાજ,
બાહેર કેમ એમ ભટકે છે? ૫

ૐ

પદ ૪૬

રાગ ગરબી ૩

મોહન મતવાલો છે મહારાજ,
લટકાળો મન બહુ ખટકે છે;
છેલ છબિલો શિર તાજ મહારાજ,
મોહન મુગટ લડી લટકે છે. (ટેક)

પીરાણામાં પરવર્યા, મહમ્મદ શાહ દાતાર;
રસિયા અતી રૂપે ભર્યા, કોડામણા કિર્તાર.

કામણગારા રઢિયાળા મહારાજ,
રશિક વર મન્ન અટકે છે. ૧

ભૂકી નાખી ભોળવી, લીધી ધારણ ધીર;
અંતર દાઝ ન ઓલવી, બાકર શાહનાં વીર.
કળા કેમ કરો કિર્તાર મહારાજ.
એથી મન્ન મારૂં ફટકે છે. ૨

માથે મુગટ મોહન ધર્યો, પેરણ તન સિરવાલ;
જામો નર નુરે ભર્યો, હિરા રતન પરવાલ.
ખેસ ખાંધે ધરો મારારાજ મહારાજ,
કમ્મર કશી જરી પટકે છે. ૩

કામણગારા કોડામણા, જુગજુગનાં સરદાર,
અનંત કળા કંઈ નહિ મણા, ભવભવનાં ભરથાર.
છો અખંડ અભંગ શિરતાજ મહારાજ,
અહીં વેદ વાણી અટકે છે. ૪

દર્શન દેજો દયા કરી, પુરા કરજો કોડ;
આંખ ઉઘાડો માયા ભરી, નજરે નજર તો જોડ.
લેજો ખોળે 'ખાકી'ને દયારાજ મહારાજ,
અન્યથી મન્ન મારૂં અટકે છે. ૫

ૐ

પદ ૪૭

રાગ ગરબી હીંચ ૧

ઠાકરી ઠાકરી ઠાકરી રે,
ઠાકોર ઠીક થોભાવી તેં ઠાકરી;
ઠાકરી થઈ છે બહુ આકરીરે,
ઠાકોર ઠીક થોભાવી તેં ઠાકરી. (ટેક)

ગાયો ને ભેંસો વેદ પુરાણ છે,
દોવાની બાંધી છેલા બાખડીરે. ઠાકોર ૧

દોહી દોહી વ્હાલા દહીં કર્યું છે,
માખણ માવા કર્યું આખડીરે. ઠાકોર ૨

માખણથી માવે ઘીય કર્યું છે,
સત્પંથે વેહેચ્યું ચડી ચાખડીરે. ઠાકોર ૩

છાછનાં છોડે જગ વળગ્યું છે,
સત્પંથી બાંધે છે બાખડીરે. ઠાકોર ૪

ચારે તે જુગમાં રમીરે રહ્યો છે,
મહમ્મદ માવાની એ ઠાકરીરે. ઠાકોર ૫

અરબ ઇરાનાદી દેશ ફર્યો છે,
પીરાણે પધાર્યો વેળા આકરીરે. ઠાકોર ૬

ખોળીને 'ખાકી' અમર થયા છે,
જુગ પ્રમાણે કરો ચાકરીરે. ઠાકોર ૭

ૐ

પદ ૪૮

રાગ ગરબી હીંચ ૨

આકરી આકરી આકરીરે,
શોભે શાન રસિલા તારી આકરી;
આકરી ઘણી છે પણ શાકરીરે,
શોભે શાન રસિલા તારી આકરી. (ટેક)
દિલ્લીનાં બાદશાહે ઢોંગ કર્યું છે,
બાંધાને તે શું બાખડીરે. શોભે ૧
શાહ સંતાપે કંઈ હારી મુવા છે,
તારી કળા અતી વાંકડીરે. શોભે ૨
રાજ દરબારી દુઃખ ટાલ્યું છે,
દિલ્લી એ દેખાડી તેં ઠાકરીરે. શોભે ૩
કશુ દિવાનનાં કામ કર્યાં છે,
ચરણે મૂકે તમ પાઘડીરે. શોભે ૪
'ખાકી'નાં સ્વામી ચતુર ઘણા છે,
સેવક કરે કેવી ચાકરીરે. શોભે ૫

ૐ

પદ ૪૯

રાગ ગરબી હીંચ ૩

જાગતી જાગતી જાગતીરે,
જોત સદા સત્પંથની જાગતી;
જાગતી સદા સત્ય ભાંખતીરે,
જોત સદા સત્પંથની જાગતી. (ટે
ખટ દર્શનનો વાસ અહીં છે,
કેમ મતી તે તારી ભાગતીરે. જોત
વેદ કુરાન સત્પંથને ગાએ છે,
નવે ખંડે એ નોબત વાગતીરે. જોત
મુક્ષ પદારથ આંહી મલે છે,
બુદ્ધિની ખોડ અહીં ભાંગતીરે. જોત
દેવ રૂષિ સહુ અહીંથી થયા છે,
સતીયું તો સ્વર્ગ અહીં માગતીરે. જોત
પીર પેગમ્બર પદ પામ્યા છે,
મુકિતની મહોર અહીં લાગતીરે. જોત
દશમ નરનો નક્કી એ ઘાટ છે,
જળહળ જોત એ જાગતીરે. જોત

ખાંત ધરી વાત 'ખાકી' કહે છે,
ભવની તે જાળ અહીં ભાંગતીરે. જોત ૭

ૐ

પદ ૫૦

રાગ ગરબી હીંચ ૪

નાકરી નાકરી નાકરીરે,
તેં તો સેવા સદ્દગોરની નાં કરી,
કાને ઘલાશે તારે કાંકરીરે.
તેં તો સેવા સદ્દગોરની નાં કરી. (ટેક)
આલ પંપાલમાં વલગી રહયો છે,
લેવા દોડે ઘણી ભાખરીરે. તેંતો ૧
મનુષ્યદેહ મોંઘા મુલે મળ્યો છે,
તાણી બંધાશે તે તો ઠાઠડીરે. તેંતો ૨
મનખા જનમ એ મુક્તિનો દ્વાર છે,
નાખી દીએ જેમ કાંકરીરે. તેંતો ૩
વેદ પુરાણ ભણી પંડિત બન્યો છે,
ખોળખરી અલ્યા નાં કરીરે. તેંતો ૪
મધ માણીનેં છાકી ગયો છે,
ખુબ ઠઠાડી તેં તો ઠાકરીરે. તેં તો ૫

અનેક જનમ તારા સફલ થયા છે,
મલી સદ્ગોરની ચાકરીરે. તેં તો
ખરી શિખામણ 'ખાકી' કહે છે,
જપજે માળા અલ્યા આકરીરે. તેં તો

ૐ

પદ ૫૧

રાગ ગરબી હીંચ ૫

નોકરી નોકરી નોકરીરે,
માન મલી મજાની નોકરીરે;
નોકરી ખરી શકે જો કરીરે.
માન મલી મજાની નોકરીરે. (ટેક
જે જન્ન આંહીં જનમ ધરે છે,
યુવા વૃદ્ધ કે ડોકરીરે, માન
પુરૂષ થયાથી શું રે પત્યું છે,
માવા આગર છે તું છોકરીરે. માન
(કદી) હાથી ઘોડાને ઊંટ થયો છે,
(કદી) ગાય બળધને બોકરીરે. માન
સત્પંથ આ સંજોગે મલ્યો છે,
કાયા તો છે તારી ખોખરીરે. માન

ળ્ય કૃપાએ દેવ મળ્યા છે,
કરી શકે તું જો નોકરીરે. માન ૫
એ નોકરીમાં નુર ભર્યું છે,
માંતે કરી કર નોકરીરે. માન ૬
નર મહમ્મદશાહ આપે અલી છે,
'ખાકી' માંગે એવી નોકરીરે, માન ૭

ૐ

પદ ૫૨.

કચ્છી ગીત રાગ લેરિયાનો.

કેહું છું સતપંથી બાળજીરે,
કે હૈયડે હરિ ભજ્યાની ભાળ;
હૈયડે શાહ દર્શનની રીત,
હૈયડું જુએ છે નુરનેરે. (ટેક)
કે સત્પંથ મોંઘેરે મુલજીરે,
કે સત્પંથ ટાલે સઘલા સુલ;
સત્પંથ સાધ્યાની એ રીત,
સત્પંથ ટાળે દુઃખનાં પૂરનેરે. ૧
કે વેદે કરીયે સત્યની ખોળ જીરે,
કે વેદે સત્ય તું તો તોળ;

વેદે ઓળો હરિની રીત,
વેદ વખાણે હરિ હજુરનેરે.
કે દશ અન્તારે બાંધી પાળજીરે.
કે દશમે ઝાક ઝમાળ,
અરબે આવ્યા વેદની રીત,
સેવો એવા અલી રૂપનેરે.
કે આપે અલી નકલંકી એકજીરે,
કે આપે મુકિતની તે નેક;
એવી બાંધ્ય ગ્રથા નીએ રીત,
જુઓ હિમ પુરે હજુરનેરે.
કે એવા નરમહમ્મદશાહ રૂપ જીરે.
કે આપે નર નકલંકી છે ભૂપ;
એવી અનંત જુગની રીત,
'ખાકી' સેવે એવા નુરનેરે.

ૐ

પદ ૫૩

રાગ કચ્છી ગીત લેરિયાનો

કે મારે નકલંકી ભરથાર જીરે,
કે જે છે કલિયુગનાં સરદાર;
એ છે અન્નંત યુગની એ રીત,
સેવો અલબેલા હજુર નેરે. (ટેક)

સત્ય જુગમાં નૃસિંહ રૂપ જીરે,
કે ટાળ્યા વડ વડેરા ભૂપ;
ભકત વસ્તળની એ રીત,
સેવો એજ અલખનાં નુર નેરે. ૧

કે જુગ ત્રેંતામાં રામ રૂપ જીરે,
કે રોળ્યો રાવણ સરખો ભૂપ;
એવી વચન પાલકની એ રીત,
સેવો એજ અલખ અનુપનેરે. ૨

કે દ્વાપરનાં ભરથાર જીરે,
કે એવા કાનુડાજી કિર્તાર;
એવી કંસ હણ્યાની એ રીત,
તેથી જાણો એવા રૂપનેરે. ૩

કે આજે નિષ્કલંકી નાથજીરે,
કે કરશે અનંતનો તે સાથ;
એવી આદે અંતની રીત,
સેવા અલી અરબ રૂપનેરે.
કે મીરાં મહમ્મદશાહ કિર્તાર જીરે,
કે આવ્યા આલે એ સરદાર;
એવી વેદની રૂડી રીત,
'ખાકી' દેખાડે છે એજ નુરનેરે.

ૐ

પદ ૫૪

સંદેશાનો ધોળ

સંદેશો મારો ગુરૂજીને દેજો,
સેવા મંડલમાં અમને લેજોરે. સંદેશો (ટેક)
આધી, ઉપાધી, વ્યાધી, પરહરજો,
સેવા મંડલમાં અમને લેજોરે. સંદેશો
માયાનાં બંધ અમથી અળગેરા રાખો,
સંત સમાગમમાં અમને રાખોરે. સંદેશો

દુનિયાનું ડર મારા દીલમાં ના આવે,
સેવા સત્પંથ અમને ભાવેરે. સંદેશો ૩
સગા કુટુંબ કેરી કુબુદ્ધિ કાપો,
સત્ય સેવા સૌને આપો રે. સંદેશો ૪
લોકોની લારૂં અમને નાં વળગે;
દ્વેષી જોઈ જોઈ સળગેરે. સંદેશો ૫
બળ બુદ્ધિ અતી હિમ્મત દેજો,
શરણુંમાં અમને તાણી લેજોરે. સંદેશો ૬
મન મારાને મહાબળ દેજો,
સેવા મંડળ અમ્મર રહેજોરે. સંદેશો ૭
સેવા મંડળને આ 'ખાકી' કહે છે,
આશિષ શુભ એવી દે છે રે. સંદેશો ૮

ૐ

પદ ૫૫

રાગ ગરબી

જેને લગની સાહેબ શું લાગી રે,
એને હૃદય તે પ્રેમ જયોત જાગીરે;

તેની ભ્રમણા તે સર્વ ભાંગીરે,
એણે માયા જંજાળ ઝટ ત્યાગી રે. જેને (તે

રૂપ અનુપમે જે લહ્યા, કહ્યા વેદ વિસ્તાર,
જે રૂપે નર ઓળખો, તેનો કહું વિસ્તારરે.
રગે રગે વિંધાય વૃહ બાણે રે,
લાગે શાહા શુરતાની તાણરે,
તેની શુર્તા તે સ્વપ્નાથી જાગીરે,
જેને લગની તે સાહેબ શું લાગીરે.

સૃષ્ટિ સમેના માનવી, મૂર્ખના સરદાર,
જ્ઞાન દેવા દિલમા ધરી, પધારિયા કિર્તારરે.
રૂપં રૂપં વેદ જેને બોલેરે.
જેનાં સોને તો દશ ભેદ ખોલેરે,
તેની સોધ એને ચિત્ત જાગીરે,
